*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી


વર્ષ ૨૨ઃ અંક ૯ઃ વીર સં. ૨૪૯૧, અષાડ : **july 1965**



**સમસ્ત જૈનોનું પરમપૂજ્ય તીર્થધામ શ્રી સમ્મેદશિખર**

**જેની યાત્રાનાં આનંદભર્યા સંભારણાં આજે પણ એ તીર્થ પ્રત્યે ભક્તિની ઉર્મિઓ જગાડે છે.....દર વર્ષે લાખ-લાખ દિગંબર જૈનબંધુઓ જેની ભાવભીની યાત્રા કરે છે.**

## સમ્મેદશિખરની સૌથી ઊંચી ટૂંક પર



**સં. ૨૦૧૩ ની યાત્રા વખતે પારસટૂંક ( સુવર્ણભદ્રટૂંક )**
**ઉપરની ભક્તિનું એક દશ્ય.**

સિદ્ધભૂમિનાં સિદ્ધિધામ દેખીયા રે, આજે નજરે નીહાળ્યા આ ધામ....આજ૦
ધન્ય ભૂમિ અને ધન્યધૂળ છે રે, પુનિત પગલાં થકી પવિત્ર......આજ૦
અહો અપૂર્વ યાત્રા આજ થાય છે રે, અમ અંતરમાં આનંદ ઉભરાય...આજ૦
અહો અપૂર્વ યાત્રા ગુરુજી સાથમાં રે, અમ અંતરમાં આનંદ ઉભરાય....આજ૦
આજ ભાવે નમો તીર્થરાજને રે.

( તીર્થભક્તિનાં આવા સેંકડો ચિત્રોથી સુશોભિત "મંગલ તીર્થયાત્રા" પુસ્તક દ્વારા યાત્રાના મીઠા સંભારણાં વાંચીને તીર્થયાત્રા જેવો આનંદ મેળવો. )

दंसण मूलो धम्मो
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ ૨૨ઃ અંકઃ અષાડ, ૨૪૯૧ : july 1965

# પિપાસુ માટેની પરબ

સંસારમાં જેમને કાંઈ પ્રિય નથી, ચૈતન્યના વીતરાગ-નિર્વિકલ્પ આનંદરસના જેઓ પ્યાસી છે, જેમને રાગની કે પુણ્યની પિપાસા નથી એવો પરમાનંદના પિપાસુ ભવ્ય જીવોને માટે સંતોએ શાસ્ત્રોમાં પરમ આનંદના ધોધ વહેવડાવ્યા છે. વાહ, સંતોએ તો પરમ આનંદના પરબ માંડયા છે. જેમ ભર ઉનાળામાં તૃષાતૂર માટે ઠંડા પાણીનાં કે મધુર શરબતના પરબ મંડાયા હોય ને તરસ્યા જીવો ત્યાં આવીને પ્રેમથી તેનું પાન કરે, ને તેમનું હૃદય તૃપ્ત થાય, તેમ સંસારઅરણ્યમાં આકુળતારૂપી ભર ઉનાળામાં રખડી રખડીને થાકેલા જીવને માટે ભગવાનના સમવસરણમાં અને સંતોની છાયામાં ચૈતન્યના વીતરાગી આનંદરસના પરબ મંડાયા છે; ત્યાં પરમાનંદના પિપાસુ ભવ્ય જીવો જિજ્ઞાસાથી-પ્રેમથી આવીને શુદ્ધાત્માના અનુભવરૂપ અત્યંત મધુર અમૃતરસનું પાન કરીને તૃપ્ત થાય છે. અરે, ક્યાં નવમી ગ્રૈવેયકથી માંડીને નરક સુધી ચારે ગતિનાં દુઃખોનો દાવાનળ! ને ક્યાં આ ચૈતન્યના અનુભવરૂપ સુખના વેદનની શાંતિ! અરે, ચૈતન્યના પરમ આનંદના અનુભવ વગર બધુંય દુઃખરૂપ લાગે છે. ત્યાંથી ભયભીત થઈને જે ચૈતન્યસુખને માટે ઝંખે છે એવો જીવ શુદ્ધાત્માના અનુભવ તરફ જાય છે. પંચપરમેષ્ઠીની ભક્તિ અને શુદ્ધ આત્માના રત્નત્રય જ તેને પ્રિયમાં પ્રિય છે; એવા જીવને સ્વાનુભવરસનું પાન કરાવીને સંતો તેની તૃષા મટાડે છે.

# જ્ઞાનીની સહજ વૈરાગ્ય પરિણતિ

**અહા, અતીન્દ્રિય સુખથી ભરેલો સ્વપદાર્થ જેને સુંદર લાગે તેને જગતના કોઈ પદાર્થમાં સુંદરતા ન લાગે, એટલે જ્ઞાનીને બીજે ક્યાંય ગમે નહીં.**

સમ્યગ્દ્રષ્ટિને અતીન્દ્રિય આત્મસુખનો સ્વાદ આવી ગયો છે, તેથી બાહ્યવિષયોના સુખ કે જે આત્માના સ્વભાવથી પ્રતિકૂળ છે–તેમાં ધર્મીને રસ આવતો નથી. અજ્ઞાનીને ચૈતન્યસુખના રસની તો ખબર નથી એટલે તેને રાગનો અને તેના ફળરૂપ વિષયસુખનો રસ છે.

ધર્મી કદાચ ગૃહસ્થ હોય–ચક્રવર્તી હોય, છતાં ચૈતન્યસુખના સ્વાદથી વિપરીત એવા વિષયસુખોમાં તેને રસ નથી. અંતરના ચૈતન્યસુખની ગટાગટી પાસે વિષયસુખોની આકુળતા તેને વિષ જેવી લાગે છે. એટલે તે તો ‘સદન નિવાસી તદપિ ઉદાસી’ છે.

અજ્ઞાની કદાચ ત્યાગી થયો હોય, છતાં ચૈતન્યસુખથી વિપરીત એવા વિષયસુખની રુચિ તેને ઊંડે ઊંડે પડી જ છે, કેમકે જેને રાગની રુચિ છે તેને તેના ફળની પણ રુચિ છે, ને ચૈતન્યના સુખના સ્વાદની તેને ખબર નથી. રાગનું ફળ તો વિષયો છે; રાગની જેને પ્રીતિ હોય તેને વિષયોની પ્રીતિ કેમ છૂટે?

અહા, અતીન્દ્રિય આનંદના અનુભવ સહિત જે સમ્યગ્જ્ઞાન થયું તેમાં વિષયસુખોની પ્રીતિ કેમ હોય? એ વિષયો તો આત્માના વેરી છે. અનાકૂળ સ્વાદ અને આકુળતા બંને એકબીજાથી વિરુદ્ધ છે. જે જ્ઞાન આકુળતાથી છૂટીને ચૈતન્યના નિરાકૂળ સુખને ન વેદે તે જ્ઞાન શું કામનું?–તે જ્ઞાન ખરેખર જ્ઞાન નથી પણ અજ્ઞાન છે.

પ્રશ્ન–: બાહ્ય ભોગો છૂટી જાય તો જ જ્ઞાન કહેવાય?

ઉત્તરઃ– બાહ્યભોગ તો અવિરત સમકિતીને હોઈ શકે. પરંતુ તેમાં સુખબુદ્ધિ નથી. ચૈતન્યસુખ સિવાય બીજે ક્યાંય પોતાનું સુખ ભાસતું નથી. બાહ્યભોગમાં જેને સુખ ભાસે તેને જ્ઞાન નથી. મુનિદશા થાય ત્યારે તો અસ્થિરતાનોય રાગ છૂટી જાય, ત્યાં બાહ્યભોગો સંયોગરૂપે પણ હોતા નથી, ત્યાં તો અતીન્દ્રિય આનંદનો ઉપભોગ ઘણો વધી ગયો છે. અહા, ચૈતન્યના અનુભવરૂપ જ્ઞાનકળા અપૂર્વ છે, એ જ્ઞાનકળા જેને પ્રગટી તેનો વૈરાગ્ય જગતમાં અલૌકિક છે. તેથી કહે છે કે–

**જ્ઞાનકલા જિસકે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી;**

**જ્ઞાની મગન વિષયસુખમાંહી, યહ વિપરીત, સંભવે નાંહી.**

અહા, જેને સ્વ–પદાર્થ સુંદર લાગે તેને જગતના કોઈ પદાર્થમાં સુંદરતા ન લાગે; જેને પર સંયોગમાં ક્યાંય સુંદરતા લાગે છે તેને સ્વ–પદાર્થ સુંદર લાગ્યો નથી. સ્વભાવ અને સંયોગ બંનેની રુચિ એકસાથે રહી શકે નહિ. જ્ઞાનીને આત્મા સિવાય બીજા કોઈ વિષયો ગમતા નથી, બધેયથી તે ઉદાસ–ઉદાસ છે. તેને નિજ શુદ્ધાત્માના સંવેદનની પરમ પ્રીતિ છે, ને બાહ્ય વિષયો પ્રત્યે તીવ્ર વૈરાગ્ય છે. જ્ઞાનીની આવી સહજ જ્ઞાન–વૈરાગ્ય પરિણતિ અલૌકિક છે.

# લાખ વાતની વાત

લાખો પ્રકારની વાત શાસ્ત્રોમાં વર્ણવી હોય પણ તે બધાનું મૂળ તાત્પર્ય એ છે કે નિજાત્માનું શુદ્ધસ્વરૂપ જાણીને, જગતના બધા દંડ–ફંદ તોડીને, તેનું ધ્યાન કરવું.

મંદરાગ કરવા છતાં અને શાસ્ત્ર ભણતર કરવા છતાં જે જીવ વિકલ્પ છોડતો નથી અને પરિણતિને અંતરસ્વરૂપમાં વાળતો નથી તે જીવને મૂર્ખ અને જડ કહ્યો છે. શાસ્ત્ર ભણવાનું તાત્પર્ય તો એ હતું કે સ્વરૂપની સાવધાની કરીને તેને ધ્યાવવું. એ કાર્ય જે નથી કરતો ને શાસ્ત્રના શબ્દોથી સંતુષ્ટ છે તે જીવ કર્મથી છૂટતો નથી. શાસ્ત્રભણતદ્વારા ગ્રહણ તો આત્માનું કરવાનું છે, શાસ્ત્રોનો ઉપદેશ પણ એ જ છે, એને બદલે રાગમાં જ જે રોકાણો, શાસ્ત્રભણતરના વિકલ્પમાં જ સર્વસ્વ માનીને રોકાણો તે જડબુદ્ધિ છે. મૂળ ચૈતન્યતત્ત્વ તો શરીરથી ને વિકલ્પથી પાર છે; વિકલ્પને ઓળંગીને જ એ પ્રતીતમાં આવે છે. એવી પ્રતીત જે નથી કરતો તે જડ છે.

આત્મા તો ચેતન છે, તેને અહીં જડ કેમ કહ્યો ?

આત્મા ચૈતન્યસ્વરૂપ છે, તેના ચૈતન્યસ્વરૂપને ભૂલીને રાગમાં ને જડમાં એકત્વબુદ્ધિ કરીને જે અટકયો તેણે આત્માને આત્માપણે ન માન્યો પણ જડપણે માન્યો માટે તેને જડ કહ્યો. જડ એટલે મુર્ખ, અજ્ઞાની; ચૈતન્યના ચૈતન્યપણાની જેને ખબર નથી તે જડ છે. બધાય શાસ્ત્રોનું તાત્પર્ય એ છે કે દેહાદિથી ભિન્ન આત્મતત્ત્વને જાણીને તેને અનુભવમાં લેવું. આ પરમાત્મપ્રકાશકના હિન્દી અર્થો પં. દૌલતરામજીએ કર્યા છે; છહઢાળા પણ તેમણે રચી છે; તેમાં કહે છે કે –

**લાખ બાતકી બાત યહ નિશ્ચય ઉર આનો,**

**તૌર સકલ જગ દંદ-ફંદ નિજઆતમ ધ્યાવો,**

# સ્વાનુભૂતિમાં વ્યવહાર નથી

**સ્વાનુભૂતિની રીત બતાવીને સંતો કહે છે કે હે ભાઈ! સ્વાનુભવ તરફ જતાં વચ્ચે વ્યવહાર આવશે, વિકલ્પ આવશે, પણ તારું લક્ષ તો શુદ્ધાત્મા ઉપર રાખજે, વિકલ્પને સાધન માનીને તેમાં અટકીશ નહીં. સ્વાનુભૂતિ વિકલ્પવડે થતી નથી, શુદ્ધાત્મા સિવાય બીજું બધું સ્વાનુભૂતિથી બહાર છે.**

નિર્વિકલ્પ જીવવસ્તુ જ્ઞાનગમ્ય છે, તેના અનુભવમાં વ્યવહારનું અવલંબન નથી;–એ વાત આચાર્યદેવ કહે છે

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-<br>
मिह निहितपदानां हन्त हस्तावलंबः ।<br>
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं<br>
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

નિર્વિકલ્પ જીવવસ્તુ છે, તેનો અનુભવ તે તો નિશ્ચય છે. પણ તે નિર્વિકલ્પ જીવ– વસ્તુનો ઉપદેશ કરવો હોય ત્યારે તેમાં ગુણગુણીભેદ પાડીને કહેવું પડે, ઓછામાં ઓછું એટલું તો કહેવું જ પડે કે 'જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ જીવ છે'–આટલો વ્યવહાર છે. દેહની ક્રિયા કરે તે જીવ, કે રાગ કરે તે જીવ–એવી વાત ન લીધી. 'જ્ઞાન તે જીવ' એવી વાત લીધી, ને એ વ્યવહાર પણ સ્વાનુભવ વખતે છૂટી જાય છે.–એમ કહેશે. પ્રથમ આત્માના અનુભવને માટે તેનું સ્વરૂપ જાણવાની જેને જિજ્ઞાસા થઈ છે તેવો જીવ જ્યારે પૂછે કે 'પ્રભો, આત્માનું સ્વરૂપ શું છે?' ત્યારે શ્રીગુરુ તેને સમજાવવા અભેદ આત્મામાં ભેદ ઉપજાવીને વ્યવહારથી કહે છે કે જ્ઞાન–દર્શન, ચારિત્રસ્વરૂપ આત્મા છે. તે અનુભવવાયોગ્ય છે. કોણ અનુભવવાયોગ્ય છે? આત્મા અનુભવવાયોગ્ય છે, કાંઈ ગુણભેદ

અનુભવવાયોગ્ય નથી. વચ્ચે વિકલ્પ ઊઠયો તે કાંઈ આત્મા તરીકે અનુભવવાયોગ્ય નથી; તે વિકલ્પવડે આત્મા જાણવામાં આવતો નથી. રાગરૂપ આત્મા–તો કહે છે કે ના; આત્મા તો જ્ઞાનરૂપ છે. સમજવાની ભૂમિકામાં તીવ્ર બુદ્ધિવાળો હોય તોપણ ઓછામાં ઓછો આટલો ભેદનો વિકલ્પ તો આવે છે, તે વ્યવહાર છે.–પણ જ્યારે તે આત્માનો અનુભવ કરે છે ત્યારે તે અનુભવમાં કાંઈ વિકલ્પ નથી, માટે શુદ્ધાત્માના અનુભવકાળે તો તે વિકલ્પરૂપ વ્યવહાર કાંઈ જ નથી. એટલે પહેલેથી પણ જેને એ વિકલ્પથી પાર વસ્તુનું લક્ષ છે તે જ વિકલ્પને ઓળંગીને શુદ્ધઆત્માનો અનુભવ કરે છે. પણ પહેલેથી જ જેને વિકલ્પના આશ્રયની બુદ્ધિ છે–વ્યવહારના અવલંબનનો પ્રેમ છે તે તો એ વિકલ્પના જ અનુભવમાં અટકી રહેવાનો, વિકલ્પથી આઘો ખસીને અંદરના સ્વરૂપમાં તે આવશે નહિ એટલે શુદ્ધાત્માનો અનુભવ થશે નહિ.

જુઓ, આ શુદ્ધાત્માના અનુભવની રીત! વચ્ચે વ્યવહાર આવશે, વિકલ્પ આવશે, પણ તારું લક્ષ તો શુદ્ધાત્મા ઉપર રાખજે, વિકલ્પને સાધન માનીને તેમાં અટકીશ નહિ. नमः समयसाराय કહીને જેની શરૂઆત કરી તેની સ્વાનુભૂતિ વિકલ્પવડે થતી નથી. શુદ્ધઆત્માને નમીને એટલે કે તેને જ ઉપાદેય કરીને જે શિષ્ય ઉપડયો છે તે વચ્ચે બીજા કોઈ પરભાવના (–ભેદના કે વ્યવહારના) અવલંબનમાં અટકતો નથી. આ જે વિકલ્પ છે તે મને શુદ્ધાત્માના અનુભવને માટે કિંચિત્ કાર્યકારી નથી. શુદ્ધઆત્માના અનુભવકાળે વ્યવહાર જૂઠો છે, અસત્ છે–અર્થાત્ તે અનુભવના કાળે વિકલ્પરૂપ વ્યવહાર હોતો નથી. સમ્યગ્દર્શન–ચોથું ગુણસ્થાન થાય ત્યાં જ આવો શુદ્ધઆત્માનો અનુભવ હોય છે. આવા અનુભવ વગર સમ્યગ્દર્શન નહિ, ચોથું ગુણસ્થાન નહિ, ધર્મ નહિ કે મોક્ષમાર્ગ નહિ.

સહજ સ્વરૂપનો જેને અનુભવ નથી, ને દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ જાણવાનો જે અભિલાષી છે એવા જીવને અભેદના અનુભવ પહેલાં ગુણગુણીભેદનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી; તોપણ સ્વાનુભવ વખતે તો તે વ્યવહાર કાંઈ નથી, સ્વાનુભવમાં ભેદનું અવલંબન જરાય નથી, માટે સ્વાનુભવમાં તો તે વ્યવહાર જૂઠો છે, અસત્ છે, તેનું વિદ્યમાનપણું નથી. જ્યાં વસ્તુનું પરમાર્થસ્વરૂપ અનુભવમાં આવી ગયું ત્યાં ભેદના વિકલ્પનું કાંઈ પ્રયોજન રહ્યું નથી.–આવો જીવ શુદ્ધચેતનાપ્રકાશ જેટલી જ જીવવસ્તુને અનુભવે છે, તેને જ અંતરમાં દેખે છે; અંતરની અનુભવદશાના કાળે વ્યવહાર સહેજે છૂટી જાય છે; ને પછી પણ વ્યવહારના વિકલ્પમાં એકત્વબુદ્ધિ ધર્મીને કદી થતી નથી.

વસ્તુનું શુદ્ધસ્વરૂપ પરમ ઉત્કૃષ્ટ ઉપાદેય છે, ને દ્રવ્યકર્મ–ભાવકર્મ તથા નોકર્મથી રહિત છે. આમ પરભાવથી રહિત એવી પરમવસ્તુને અંતરમાં દેખવી–અનુભવવી તે જ પરમાર્થ છે; એવી પરમાર્થ અનુભૂતિ તે જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન પણ આવી અનુભૂતિથી પ્રગટે છે. ભેદ–વિકલ્પરૂપ વ્યવહાર તે કાંઈ પરમાર્થ વસ્તુ નથી, તે કાંઈ ઉપાદેયવસ્તુ નથી, તેનો આશ્રય કાંઈ મોક્ષમાર્ગમાં નથી. શુદ્ધનય એટલે નિર્વિકલ્પ વસ્તુ, તેના આશ્રયે મોક્ષમાર્ગ છે. શુદ્ધનયનો આશ્રય તે જ ‘નયાતિક્રાન્ત’પણું છે, કેમકે તે શુદ્ધનય બંને નયોના વિકલ્પથી પાર છે. આમ સમજાવીને આચાર્યદેવ કહે છે કે હે જીવ! તારા શુદ્ધઆત્મા સિવાય બીજું બધુંય સ્વાનુભૂતિથી બહાર છે; માટે શુદ્ધાત્મા સિવાય ક્યાંય પણ બીજે આશ્રય માનીને અટકીશ મા.

## જાુદો.....જાુદો....ને જાુદો

આત્મા અમૂર્તિક ચૈતન્યમૂર્તિ છે, તેનાથી આ જડ પુદ્ગલમય દેહ ભિન્ન છે. ચૈતન્યમૂર્તિ આત્માથી આ અચેતન દેહ જાુદો જ હતો, જાુદો જ છે, ને જાુદો જ રહેશે. જાુદો.... જાુદો...ને જાુદો....ત્રણેકાળ જાુદો! ચેતનને અને જડને એકમેકપણું કદી છે જ નહિ, બંને ત્રિકાળ જુદાં જ છે. અરે જીવ! જડથી ભિન્ન એવું મારું ચેતનસ્વરૂપ છે–એવી ભિન્નતાનો બોધ તો કર. જીવનમાં ભિન્નતાનો બોધ કર્યો હશે તો દેહવિયોગ ટાણે ચૈતન્યના લક્ષે સમાધિ રહેશે. જેને જડની ભિન્નતાનું ભાન નથી તે તો દેહમાં ને રાગમાં એકત્વબુદ્ધિથી ભીંસાઈ જશે. ભાઈ! જડથી ને વિકારથી હું જુદો ચૈતન્યમૂર્તિ છું–એવું ભાન કરીને જીવનમાં તેની ભાવના તો કર. એ ભિન્નતાની ભાવનાથી આત્મામાં એકતાના જોરે આનંદમાં મગશુલ થઈને ઉત્તમ સમાધિમરણ થશે.

(પ્રવચનમાંથી...નિયમસાર ગા. ૯૨)

# સમ્યગ્દ્રષ્ટિ શુદ્ધસ્વભાવનો અનુભવનશીલ છે

**આચાર્યદેવ કહે છે કે વ્યવહાર તો અભૂતાર્થ છે, તે કાંઈ પરમાર્થવસ્તુરૂપ નથી એટલે તેને તો હંત કહીને છોડવા જેવો કહ્યો છે; શુદ્ધઆત્મા પરમાર્થ છે તે જ અમને પ્રાપ્ત હો, તે જ ઉપાદેય છે, ને તેને સમ્યક્પ્રકારે દેખવો તે જ સમ્યગ્દર્શન છે. આવા શુદ્ધાત્માના જે અનુભવનશીલ છે તે ધર્માત્મા છે.**

卐

( કલશટીકા-પ્રવચન )

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेको ऽ स्तु नः।।६।।

આ શુદ્ધઆત્માનો અનુભવ તે જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, તે જ પરમાર્થ છે, માટે તે જ અમને પ્રાપ્ત હો–એવી આચાર્યદેવની ભાવના છે. જીવવસ્તુ પોતે સહજ સ્વભાવથી જ ચેતનારૂપ છે–જ્ઞાનરૂપ છે; પણ પોતાના મિથ્યાત્વપરિણામને લીધે ભ્રમિત થઈને તે પોતાનું સ્વરૂપ નથી જાણતો ત્યાંસુધી તે અજ્ઞાની છે. હવે વિકલ્પથી પાર થઈને શુદ્ધાત્માના અનુભવવડે તે મિથ્યાપરિણામ દૂર કરીને જીવ પોતાના સ્વરૂપનો અનુભવશીલ થયો. આવો અનુભવશીલ થયો ત્યારે તેને ખરો આત્મા કહ્યો. શું કરવાથી જીવ અનુભવશીલ થયો? જીવ અનાદિથી નવતત્ત્વના વિકલ્પમાં તન્મયપણે પરિણમ્યો હતો, તે નવતત્ત્વના વિકલ્પને છોડીને, એટલે કે નવતત્ત્વના વિકલ્પથી જુદો પડીને, શુદ્ધસ્વભાવના અનુભવશીલ થયો,–ત્યાંથી ધર્મની શરૂઆત થઈ.

નવતત્ત્વના વિકલ્પરૂપ પરિણતિ તે વિભાવપરિણતિ છે; તે વિભાવપરિણતિરૂપે અનાદિથી જીવ પરિણમી રહ્યો છે; એકલા શુદ્ધતત્ત્વને ભૂલીને, નવતત્ત્વના વિકલ્પરૂપે જ આત્માને અનુભવવો તે મિથ્યાત્વ છે. વિકલ્પ તે કાંઈ શુદ્ધજીવના સ્વભાવની ચીજ નથી. શુદ્ધજીવના અનુભવમાં નવતત્ત્વના વિકલ્પ નથી, ને તે વિકલ્પવડે શુદ્ધજીવના અનુભવમાં જવાતું નથી.

માટે નવતત્ત્વના એકલા વિકલ્પમાં જ જે અટકયો છે તે મિથ્યાદ્રષ્ટિ છે. સકલ કર્મની ઉપાધિથી રહિત એવી શુદ્ધજીવવસ્તુનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે. પહેલાં નવતત્ત્વનો વિકલ્પ આવશે–તેનું જ્ઞાન કરાવ્યું પણ તું તે વિકલ્પના જ અનુભવમાં ન અટકીશ, તેનું અવલંબન છોડીને, તેનાથી આગળ જઈને અંતરમાં એકરૂપ શુદ્ધજીવવસ્તુ છે તેને દેખજે, તો જ સમ્યગ્દર્શન થશે. વિકલ્પનો અનુભવ તે તો વિભાવ છે, તેને સમ્યગ્દર્શન માની ન લઈશ. વિકલ્પ આવશે પણ તે કાંઈ મોક્ષમાર્ગીનું કર્તવ્ય નથી; મોક્ષમાર્ગીનું કર્તત્વ તો શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે; તેને જ નિયમસારમાં 'નિયમથી કર્તવ્ય' કહેલ છે. વિકલ્પ તો વિભાવ છે, તેને કર્તવ્ય માને એને મોક્ષમાર્ગ કેવો? પહેલાં વસ્તુની સ્થિતિ કયા પ્રકારે છે, માર્ગ કયા પ્રકારે છે તેનો નિશ્ચય કરે તો જ અંતર્મુખ વળવાનો જોરદાર પ્રયત્ન ઊપડે, વસ્તુના નિર્ણયમાં જ ભૂલ હોય તો સાચો પ્રયત્ન ક્યાંથી ઊપડે!

શુદ્ધજીવનો પ્રયત્ક્ષઅનુભવ થતાં જ સમ્યગ્દર્શન થાય છે; ત્યાં પ્રત્યક્ષઅનુભવ તે તો જ્ઞાનપર્યાય છે, પણ તે જ્ઞાનપર્યાયની સાથે જે પ્રતીત થઈ તે સમ્યગ્દર્શન છે. આવું સમ્યગ્દર્શન થતાં મોક્ષમાર્ગ થાય છે.

આત્મસ્વભાવનું માહાત્મ્ય આવે ને અંતર્દ્રષ્ટિથી પરિણમન કરે ત્યારે મોક્ષમાર્ગ થાય છે.

પ્રશ્નઃ– મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રને કહ્યો છે?

ઉત્તરઃ– સમ્યગ્દર્શન થતાં અંતર્દ્રષ્ટિથી પરિણમન થયું તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે ભેગા છે. સ્વાનુભૂતિમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે સમાય છે. એ સિવાય રાગરૂપ જે વ્યવહારરત્નત્રય છે તે તો વિભાવપરિણતિ છે, તે કાંઈ સ્વભાવપરિણતિ નથી. મોક્ષમાર્ગ તો સ્વભાવપરિણતિ છે. રાગના યત્નથી મોક્ષમાર્ગ સાધ્ય થતો નથી.

સ્વાનુભૂતિથી જ્યાં સમ્યગ્દર્શનાદિ થયું ત્યાં પૂર્વબદ્ધ કર્મો નિર્જરવા માંડે છે. આવી નિર્જરાપૂર્વક મોક્ષમાર્ગ હોય છે. સમ્યગ્દર્શન વગર સાચી નિર્જરા કે મોક્ષમાર્ગ હોય નહિ. ચૈતન્યરત્નાકર, એટલે કે અનંતગુણરૂપી રત્નોનો સમુદ્ર, તેમાં નિર્મળપરિણતિના તરંગ ઉલ્લસે છે. આવો આત્મા તે સમ્યક્ત્વનો વિષય છે. સમ્યક્ત્વ થયું ત્યાં આઠે કર્મોથી ભિન્ન આત્મા અનુભવમાં આવ્યો; પછી જે અલ્પકર્મ બાકી છે તે પરજ્ઞેયમાં છે, સ્વવસ્તુમાં તે નથી. સ્વવસ્તુ તો પોતાના એકત્વસ્વભાવમાં સ્થિત નિર્વિકલ્પ છે. શુદ્ધનય કહો કે નિર્વિકલ્પવસ્તુની દ્રષ્ટિ કહો, એટલે અતીન્દ્રિયઆનંદના પ્રત્યક્ષ સ્વાદદ્વારા નિર્વિકલ્પદ્રષ્ટિથી વસ્તુને દેખવી તે–સમ્યગ્દર્શન છે. જુઓ, આ શુદ્ધદ્રષ્ટિ; શુદ્ધનય એટલે જ નિર્વિકલ્પ–

વસ્તુદૃષ્ટિ; આવી દૃષ્ટિથી–સ્વાનુભવના અતીન્દ્રિયઆનંદસહિત શુદ્ધ વસ્તુને દેખવી–તે મોક્ષમાર્ગ છે. જેવી વસ્તુ છે તેવી દૃષ્ટિથી તેને દેખવી તે સમ્યક્ દર્શન છે; વસ્તુ અને એને દેખનારી દૃષ્ટિ બન્ને એક જાતના થાય. શુદ્ધવસ્તુ કાંઈ રાગરૂપ નથી, એટલે તેને દેખનારી દૃષ્ટિ પણ રાગરૂપ નથી. શુદ્ધઆત્મવસ્તુ નિર્વિકલ્પ, તેને દેખનારી દૃષ્ટિ પણ નિર્વિકલ્પ; તેની સાથે સમ્યગ્જ્ઞાન ને ચારિત્ર પણ આવી જાય છે; એટલે શુદ્ધવસ્તુને સ્વાનુભવથી દેખવી તે મોક્ષમાર્ગ છે. શુદ્ધજ્ઞાનચેતનાવડે શુદ્ધ ચૈતન્યવસ્તુને ચેતવી–અનુભવવી તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણે જ્ઞાનચેતનામાં સમાઈ જાય છે.

જીવની ચેતના ત્રણ પ્રકારની છે–

૧ જ્ઞાનચેતના;

૨ કર્મચેતના;

૩ કર્મફળચેતના

જ્ઞાનચેતના તે શુદ્ધચેતના છે, તે જીવના સ્વભાવભૂત છે, તે મોક્ષમાર્ગ છે.

બીજી બે ચેતના રાગાદિરૂપ અશુદ્ધ છે, તે વિભાવરૂપ છે, તે મોક્ષમાર્ગ નથી.

અજ્ઞાનીને અનાદિથી અશુદ્ધચેતના છે; ચેતના વિકારમાં જ તન્મય થઈને વિકારને જ વેદે છે, તે અનુભવમાં સમ્યક્ત્વ નથી. ચેતના સાચી તેને કહેવાય કે પોતાના ચૈતન્યસ્વભાવને ચેતે–અનુભવે; આવો અનુભવ જીવે પૂર્વે કદી પ્રગટ કર્યો નથી. ચેતના અંતર્મુખ થઈને પોતાના ચેતનામાત્ર વસ્તુસ્વરૂપને આસ્વાદે–અનુભવમાં લ્યે–તે જ સમ્યક્ ચેતના છે, તે જ મોક્ષમાર્ગ છે.

શુદ્ધ જીવવસ્તુ એકત્વમાં નિયત છે, એટલે પોતાના શુદ્ધસ્વરૂપમાં જ રહેલી છે. તે પોતાના નિર્મળ ગુણ–પર્યાયોમાં જ રહેલી છે,–પરભાવમાં જરાપણ જતી નથી. આમ શુદ્ધઆત્માનું સ્વરૂપ દૃઢ કરીને તેને દૃષ્ટિમાં લ્યો....તેને સ્વાનુભવમાં લ્યો.

અહો, શુદ્ધવસ્તુસ્વરૂપને કેવું મલાવ્યું છે! એના અનુભવનો જે અપાર મહિમા છે તે જ પ્રસિદ્ધ કર્યો છે.

સ્વાનુભવના અચિંત્ય આનંદનો સ્વાદ જ્ઞાની લ્યે છે.

અજ્ઞાની શેનો સ્વાદ લ્યે છે? એને શુદ્ધઆત્માનો સ્વાદ નથી, તેમજ જડવસ્તુના રસનો સ્વાદ પણ કાંઈ જીવમાં નથી આવતો; તે અશુદ્ધવચેતનાવડે રાગ–દ્વેષ કે હર્ષ–શોકની આકુળતાનો જ સ્વાદ લ્યે છે. અનાદિથી અજ્ઞાનદશામાં જીવોને અશુદ્ધચેતનાના સ્વાદનો

જ અનુભવ છે. સમ્યગ્દર્શન અને સ્વાનુભવ વગર શુભરાગ કરીને પંચમહાવ્રતાદિ પાળ્યા ત્યારે પણ શુદ્ધચેતનાવસ્તુનો સ્વાદ તેણે ન લીધો, તેણે અશુદ્ધચેતનાવડે માત્ર વિકારનો સ્વાદ લીધો. ભલે મોટો રાજા–મહારાજા હો કે ત્યાગી હોય પણ શુદ્ધવસ્તુનો જેને અનુભવ નથી તે મલિનસ્વાદને જ અનુભવે છે, પવિત્ર આનંદનો અનુભવ તેને નથી. નિગોદથી માંડીને નવમીગ્રૈવેયક સુધીના મિથ્યાદ્રષ્ટિજીવોને બધાયને સામાન્યપણે 'અશુદ્ધચેતના' નો અનુભવ છે, તેમાં શુભઅશુભની કે મંદ–તીવ્રની તારતમ્યતા ભલે હોય, પણ જાત તો અશુદ્ધચેતનાની જ; શુદ્ધચેતના સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. અજ્ઞાનીને શુદ્ધચેતના નહિ, ને શુદ્ધચેતના વિના મોક્ષમાર્ગ નહિ. શુભરાગનું વેદન તે પણ અશુદ્ધચેતના જ છે. અશુદ્ધચેતના તે, મોક્ષમાર્ગ ક્યાંથી હોય ?

અરે, પહેલાં આવી વસ્તુનો મહિમા લક્ષમાં લ્યે, તો તેના પ્રયત્નની ઉગ્રતા જાગે. મહિમા જ જેને રાગનો હોય તેને તો પ્રયત્ન પણ રાગનો જ ઊપડે. અંતરના લક્ષમાં શુદ્ધસ્વરૂપનો ખરો મહિમા ભાસે તો તે તરફનો પ્રયત્ન ઊપડયા વિના રહે નહિ. જ્ઞાનમાં જેનો મહિમા ભાસ્યો તે તરફ ચેતના વળે ને તેનો અનુભવ કરે. "શુદ્ધજીવવસ્તુ" કહી તેમાં શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે આવી જાય છે. સ્વાનુભવ થતાં અનંતગુણો નિર્મળપણે પરિણમવા માંડે છે. આવા નિર્મળ–ગુણપર્યાય સહિત શુદ્ધજીવવસ્તુ છે. તેનો અનુભવ તે મોક્ષમાર્ગ છે; તે જ સમ્યગ્દર્શનાદિ છે.

પ્રશ્નઃ– આ સમ્યગ્દર્શન અને આત્મા ભેદરૂપ છે કે અભેદરૂપ !

ઉત્તરઃ– આ સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય અને આત્મા અભેદ છે. રાગને અને આત્માને તો સ્વભાવભેદ છે, આ સમ્યગ્દર્શન અને શુદ્ધઆત્મા અભેદ છે, પરિણતિ સ્વભાવમાં અભેદ થઈને પરિણમી છે, આત્મા પોતે અભેદપણે તે પરિણતિરૂપે પરિણમ્યો છે, તેમાં ભેદ નથી. વ્યવહારસમ્યગ્દર્શન જે વિકલ્પરૂપ છે તે કાંઈ આત્મા સાથે અભેદ નથી.



# શુદ્ધોપયોગ સમાન બીજું કોઈ નથી

## ( બધા ધર્મો શુદ્ધોપયોગમાં સમાય છે )

卐

### ( પરમાત્મપ્રકાશ-પ્રવચનોમાંથી )

**આત્માના અનુભવ વગર શુદ્ધભાવ નહીં, ને શુદ્ધભાવ વગર ધર્મ નહીં; સમ્યક્ત્વ તે પણ શુદ્ધભાવ છે. સમ્યક્ત્વથી માંડીને સિદ્ધપદ સુધીના બધા પદ શુદ્ધભાવમાં સમાય છે. આ રીતે શુદ્ધભાવ તે ધર્મ છે; તે જ મુમુક્ષુનો મનોરથ છે. આ આત્મા શુદ્ધોપયોગરૂપે પરિણમે તે જ મનોરથ છે.**

શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ શુદ્ધભાવ જેને નથી તેને શુભભાવરૂપ મહાવ્રત કે પ્રતિક્રમણાદિ હોય તોપણ સંયમ નથી. શુદ્ધભાવ વડે જ સંયમ હોય છે; શુદ્ધભાવ વગર બધું નિરર્થક છે. અને શુદ્ધભાવ પણ પરમ આત્મતત્ત્વના અનુભવ વગર હોતો નથી. આ રીતે શુદ્ધાત્માનો અનુભવ તે મૂળ વસ્તુ છે. સંયમ એટલે મુનિદશા અર્થાત્ છઠ્ઠું–સાતમું ગુણસ્થાન, તે શુદ્ધભાવ વગર હોતું નથી; ને આત્માના અનુભવ વગર શુદ્ધભાવ હોતો નથી.

ચૈતન્યતત્ત્વ રાગથી ભિન્ન શું ચીજ છે એનું જેને ભાન નથી, ને રાગમાં જ એકમેકપણે આત્માને અશુદ્ધ અનુભવે છે, તે જીવને શુભરાગ વખતે પણ પરમાર્થે આર્તધ્યાન જ છે; શુદ્ધ આત્મા શું ચીજ છે એની જેને ખબર પણ નથી, તેને આત્માનું ધ્યાન ક્યાંથી હોય ? આત્માને ઓળખ્યા વગર શુભરાગ કરે તેથી શું ?–તેનાથી આત્માને ધર્મનો લાભ કિંચિત નથી. અહો, નિર્વિકલ્પ આનંદનો પિંડ આત્મા તેનો અનુભવ થતાં સમ્યગ્દર્શન થાય ને પછી સંયમ હોય, એના વગર તો સંયમ કે મોક્ષમાર્ગ હોતો નથી. આત્માના અનુભવ વગર અજ્ઞાની જે વ્રતાદિ કરે છે તેમાં તેને આકુળતારૂપ બળતરા જ છે, તેમાં જરાય નિરાકૂળ શાંતિ તેને નથી; શાંતિનું જે ધામ છે તેમાં તો તેનો પ્રવેશ નથી.

જગતમાં પ્રત્યેક છ માસ ને આઠ સમયના કાળમાં ૬૦૮ જીવો મોક્ષ પામે છે; એટલા જ જીવો ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન પામે છે; શુદ્ધાત્માના અનુભવવડે જ તેઓ મોક્ષ અને કેવળજ્ઞાન પામે છે. ભલે વ્રતાદિ શુભરાગ કરે પણ શુદ્ધાત્માના અનુભવ વગર કોઈ જીવ મોક્ષ પામી શકે નહિ, ધર્મ પામી શકે નહિ.

શુદ્ધ ઉપયોગમાં બધું સમાય છે, તે જ મોક્ષમાર્ગ છે ને જગતમાં તે જ મુખ્ય છે –એ વાત ( ગા. ૬૭માં ) કહે છેઃ

सुद्धहँ संजमु सीलु तउ सुद्धहँ दंसणु णाणु।
सुद्धहँ कम्मक्खउ हवइ सुद्धउ तेण पहाणु।।

મોક્ષમાર્ગ શુદ્ધોપયોગમાં સમાય છે. મુનિપણું પણ શુદ્ધોપયોગીને જ હોય છે. પરમાર્થ સંયમ, શીલ, વ્રત, તપ વગેરે બધા ધર્મો શુદ્ધ ઉપયોગમાં સમાય છે. શુદ્ધોપયોગપૂર્વક જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે. શુભરાગવડે સમ્યક્ત્વાદિ થતાં નથી કે મુનિદશા હોતી નથી. સાધકદશા જ શુદ્ધોપયોગવડે થાય છે. જેટલી શુદ્ધતા તેટલો જ મોક્ષમાર્ગ. ભાઈ, એકલું પરલક્ષી જ્ઞાન પણ જ્યાં મોક્ષમાર્ગ નથી ત્યાં રાગની શી વાત! ઉપયોગને અંતર્મુખ એકાગ્ર કરીને આત્મા પોતે પોતામાં પ્રવર્તે તે નિશ્ચયથી શીલ છે, તેમાં રાગાદિ પરભાવરૂપ અબ્રહ્મનો ત્યાગ છે, ને શુદ્ધભાવની રક્ષા છે. આવા શુદ્ધોપયોગ વડે જ કેવળજ્ઞાનાદિ થાય છે. પ્રવચનસારમાં આવા શુદ્ધોપયોગની અત્યંત પ્રશંસા કરતાં શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે–

**રે શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન-દર્શન શુદ્ધને,**
**છે શુદ્ધને નિર્વાણ, શુદ્ધ જ સિદ્ધ; પ્રણમું તેમને.**

આત્માનો જે શુદ્ધભાવ છે તે જ ખરેખર ધર્મ છે; એના વિના જીવ સંસારની ચાર ગતિમાં ભમી રહ્યો છે. શુદ્ધભાવ વગરના જીવને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, કેવળજ્ઞાન કે મોક્ષ કાંઈ હોતું નથી. શુભરાગવડે કોઈને કેવળજ્ઞાન કે સમ્યગ્દર્શનાદિ થતું નથી. આત્માની નિર્મળપર્યાયરૂપ જેટલા ધર્મો છે તે બધા ધર્મો શુદ્ધોપયોગમાં સમાય છે. માટે શુદ્ધોપયોગ તે જ ધર્મનું સર્વસ્વ છે, ને તે જ ધર્મનો મનોરથ છે, તે જ પ્રસંશનીય છે. આ શુદ્ધોપયોગથી ઊંચુ જગતમાં બીજું કાંઈ નથી. શુભોપયોગ તે પ્રસંશનીય નથી; શુભોપયોગ તે સમ્યગ્દર્શન નથી, શુભોપયોગ તે સમ્યગ્જ્ઞાન નથી, શુભોપયોગ તે મુનિદશા નથી, શુભોપયોગ તે મોક્ષમાર્ગ નથી, શુભોપયોગથી કેવળજ્ઞાન કે નિર્વાણ નથી; સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન ને સિદ્ધપદ–એ બધુંય શુદ્ધોપયોગમાં સમાય છે. માટે આત્માનો જેવો શુદ્ધ સ્વભાવ છે તેવો જાણીને તેમાં એકાગ્રતારૂપ શુદ્ધોપયોગ તે જ મોક્ષાર્થીનું કર્તવ્ય છે, મોક્ષાર્થીને તે જ આદરણીય છે.

સિદ્ધભગવંતોનો પંથ તો એક શુદ્ધભાવરૂપ જ છે; શુદ્ધભાવથી જે ચલાયમાન થાય તે મુનિ મોક્ષ પામી શકતા નથી. જીવ ગમે તે દેશમાં જાય ને ગમે તે કરે પણ શુદ્ધભાવ વિના તે કદી મોક્ષ પામે નહિ; માટે સર્વ પ્રકારથી શુદ્ધ પરિણામ જ કર્તવ્ય છે.

ગમે તેટલા ક્રિયાકાંડ કરે, શુભ પરિણામ કરે, પરંતુ જીવને પરિણામમાં જ્યાં શુદ્ધતા નથી, એટલે કે આત્માનો અનુભવ નથી ને તેમાં સ્થિરતા નથી તો જીવને મોક્ષ થતો

નથી. તેથી સંતોએ ભાવશુદ્ધિનો પ્રધાન ઉપદેશ દીધો છે. પ્રથમ સમ્યગ્દર્શન કરવું તે ભાવશુદ્ધિ છે. સમ્યગ્દર્શન વગર કદી ભાવશુદ્ધિ થાય નહિ, ને અશુદ્ધિ ટળે નહિ; અશુદ્ધિ ટળ્યા વિના મોક્ષ ક્યાંથી થાય? ચૈતન્યનો રંગ જેને લાગ્યો નથી ને રાગના રંગમાં જે રંગાઈ રહ્યો છે તેને ભાવશુદ્ધિ નથી, ભાવશુદ્ધિ વગરનું વ્રત–તપ–ભણતર બધું વ્યર્થ છે, તે મોક્ષનું જરાપણ સાધન થતું નથી.

સમ્યગ્દ્રષ્ટિને તો પોતાના શુદ્ધ ચૈતન્યનો રંગ લાગ્યો છે, ને રાગનો રંગ છૂટી ગયો છે, રાગને ભિન્ન જાણીને, શુદ્ધસ્વભાવના અનુભવથી જેટલો સમ્યક્ત્વાદિરૂપ શુદ્ધભાવ પ્રગટ કર્યો છે તેટલો જ મોક્ષમાર્ગ છે. આવા શુદ્ધભાવ વગર કોઈ પણ ક્ષેત્રમાં મોક્ષમાર્ગ નથી. ગમે તેવું આચરણ કરે પણ જીવને જ્યાંસુધી શુદ્ધભાવ નથી ત્યાંસુધી મોક્ષમાર્ગ થતો નથી–એ નિયમ છે, માટે હે જીવ! તું ભાવશુદ્ધિને જાણ ને તેનો ઉદ્યમ કર.

જીવના પરિણામ ત્રણ પ્રકારના–

* અશુભ

* શુભ.

* શુદ્ધ.

* હિંસા, ચોરી આદિ પાપપરિણામ તે અશુભ છે, તે પાપબંધનું કારણ છે.

* દયા, દાન, પૂજા, વ્રતાદિ પુણ્યપરિણામ તે શુભ છે, તે પુણ્યબંધનું કારણ છે.

* શુભાશુભ બંનેથી રહિત, મિથ્યાત્વાદિથી રહિત જે સમ્યક્ત્વાદિ શુદ્ધ વીતરાગ પરિણામ તે શુદ્ધભાવ છે, તે જ કર્મક્ષયનું કારણ છે. એ સિવાય શુભ કે અશુભભાવ તે કર્મક્ષયનું કારણ નથી પણ કર્મબંધનું કારણ છે. એટલે તે ધર્મ નથી. ધર્મ તો શુદ્ધભાવ જ છે.

રાગાદિ પરભાવોમાં સ્વભાવબુદ્ધિ અથવા લાભબુદ્ધિ તે મિથ્યાત્વ છે. ને મિથ્યાત્વ તે મોટો અશુદ્ધભાવ છે; સમ્યક્ત્વવડે જ તે અશુદ્ધતા મટે છે. શુભરાગમાં એવી તાકાત નથી કે મિથ્યાત્વની અશુદ્ધતાને મટાડે. આ રીતે સમ્યક્ત્વ એ પણ શુદ્ધભાવ છે. સમ્યક્ત્વથી માંડીને સિદ્ધપદ સુધીના બધા પદ શુદ્ધભાવમાં સમાય છે. આ રીતે શુદ્ધભાવ તે ધર્મ છે, તે જ મુમુક્ષુનો મનોરથ છે. આ આત્મા શુદ્ધોપયોગરૂપે પરિણમે તે જ મનોરથ છે.

# અનુભવમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ

**શુદ્ધચૈતન્યવસ્તુ સ્વાનુભવમાં પ્રકાશે છે તે શુદ્ધનયને આધીન છે; શુદ્ધવસ્તુ રાગને આધીન નથી, વસ્તુ વિકલ્પને આધીન નથી. વસ્તુ વચનને આધીન નથી; વસ્તુ તો શુદ્ધનયને આધીન છે.**

( કલશટીકા-પ્રવચન )

નિર્વિકલ્પ-શુદ્ધનયવડે શુદ્ધઆત્માની અનુભૂતિ થઈ તે અનુભૂતિ કેવી છે? તેમાં નવના વિકલ્પો નથી, નવતત્ત્વના વિકલ્પોથી પાર શુદ્ધચૈતન્યજ્યોતિ એકપણે પ્રકાશે છે. સમયસારની ૧૩ મી ગાથામાં ભૂતાર્થનયથી જે સમ્યગ્દર્શન થાય તેનું વર્ણન છે; તેના ઉપોદ્ઘાતરૂપે આ સાતમો શ્લોક છે–

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्त्वेपि यदेकत्वं न मुंचति।।७।।

જેના અનુભવથી સમ્યક્ત્વ થયું તે વસ્તુનું આ વર્ણન છે. શુદ્ધનય એટલે વસ્તુમાં અભેદ થયેલું જ્ઞાન; તે જ્ઞાન શુદ્ધવસ્તુમાત્ર છે; ને તેને જ આધીન વસ્તુનો અનુભવ છે. વસ્તુ રાગને આધીન નથી, વસ્તુ વિકલ્પને આધીન નથી, વસ્તુ વચનને આધીન નથી, વસ્તુ તો પોતાના સ્વભાવને જ આધીન છે. તેનો અનુભવ તેના જ આશ્રયે થાય છે. અનુભવમાં સમકિતીને આવો શુદ્ધઆત્મા પ્રકાશે છે.

કોઈ કહે કે આત્મા સંસારથી છૂટીને સિદ્ધ થાય ત્યારે જ તેને શુદ્ધવસ્તુ કહેવાય.– તો કહે છે કે દ્રવ્યદ્રષ્ટિથી વિચારતાં જીવવસ્તુ ત્રિકાળ શુદ્ધ છે. પર્યાયમાં જે રાગાદિ છે તેને ખરેખર વસ્તુ કહેતા નથી. વસ્તુ તો પોતાના જ્ઞાયકરસનો પિંડ છે.–તેના અનુભવથી અત્યારે સમ્યક્ત્વ થાય છે. પર્યાયની અશુદ્ધતાના અનુભવવડે સમ્યક્ત્વ થતું નથી.

પ્રશ્નઃ– અનુભવ કરવો એટલે શું ?

ઉત્તરઃ– સ્વભાવને અનુસરીને–તેમાં તન્મય થઈને ભવવું એટલે કે પરિણમવું તે અનુભવ છે. જેવો શુદ્ધસ્વભાવ છે, તેને અનુસરીને પર્યાય પણ તેવી શુદ્ધ થઈ,–આમ દ્રવ્ય–પર્યાય બંને એક જાતના થઈને એકાકાર–અભેદ પરિણમ્યા તે જ ‘અનુભવ’ છે. આ અનુભવમાં વચ્ચે રાગ નથી, વિકલ્પ નથી. આવા અનુભવથી આત્મવસ્તુ સંવર–નિર્જરા મોક્ષપર્યાયરૂપે પરિણમે છે, તે પર્યાયોમાં પણ અભેદપણે શુદ્ધઆત્મા એકપણે પ્રકાશમાન છે.–આવી શુદ્ધઆત્માની અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે.

પર્યાયમાં નવતત્ત્વના ભેદ હોવા છતાં, એટલે કે પર્યાયમાં ભૂમિકાઅનુસાર નવતત્ત્વરૂપ પરિણમન હોવા છતાં સમ્યગ્દ્રષ્ટિને અનુભૂતિમાં એકરૂપ શુદ્ધઆત્મા જ પ્રકાશમાન છે. અનુભૂતિમાં કાંઈ નવભેદ નથી. અનુભૂતિમાં તો એકરૂપ શુદ્ધસત્તાની ધારા વહી જાય છે. પર્યાયમાં નવભેદ છે તે બરાબર છે, પણ જ્યારે નિર્વિકલ્પ અનુભૂતિથી શુદ્ધવસ્તુને અનુભવમાં લ્યો ત્યારે તે નવભેદના વિકલ્પ નથી, શુદ્ધજીવવસ્તુ ચેતનાભાવે જ પ્રકાશે છે.

જેમ અગ્નિનો દાહકસ્વભાવ છે, લાકડું–તૃણ–છાણું વગેરેને તે બાળે છે, ત્યાં તે–તે દાહ્યના ( છાણા વગેરેના ) આકારે અગ્નિ થાય છે, તે અપેક્ષાએ તેમાં લાકડાનો અગ્નિ, છાણાનો અગ્નિ વગેરે ભેદ સાચા છે, પણ અગ્નિના ઉષ્ણસ્વભાવને જ જુઓ તો એકરૂપ ઉષ્ણતામાત્ર જ અગ્નિ છે, તેમાં સમસ્ત ભેદ જૂઠા છે. તેમ ચૈતન્યજ્યોત આત્મા,–તેના સાધકદશાના પરિણામ કેટલાક શુદ્ધ, કેટલાક અશુદ્ધ,–એ રીતે તેની પર્યાયમાં નવતત્ત્વના ભેદ છે તે સત્ય છે, પણ શુદ્ધ એકાકાર જીવવસ્તુને જુઓ તો તે ચેતનામાત્ર જ છે, ચેતનામાત્ર શુદ્ધ વસ્તુનો અનુભવ કરતાં નવવત્ત્વના વિકલ્પો જૂઠા છે–અસત્ છે–અવિદ્યમાન છે.

વ્યવહારને જૂઠો કહેતાં કેટલાક ભડકી ઊઠે છે; પણ આ ૪૦૦ વર્ષ પહેલાં શ્રી પં. રાજમલ્લજી જેઓ જિનધર્મના મર્મી હતા તેઓ કહે છે કે શુદ્ધ જીવ વસ્તુનો અનુભવ કરતાં નવતત્ત્વના વિકલ્પરૂપ વ્યવહાર જૂઠો છે; ને આવો અનુભવ કર્યે જ સમ્યક્ત્વ છે.

જુઓ, આ સમ્યક્ત્વની રીત! પર્યાયમાં નવતત્ત્વના વિચારરૂપ વ્યવહાર તે સત્ય, એ શુદ્ધવસ્તુની અનુભૂતિમાં વ્યવહાર અસત્ય; એ નવતત્ત્વના વ્યવહારમાં જ જેની ભૂલ હોય તેને તો પર્યાયનુંય જ્ઞાન નથી, તેનો તો વ્યવહાર પણ ખોટો છે.

પ્રશ્નઃ– અનુભવમાંય વ્યવહારને જૂઠો તો કહ્યો જ છે?

ઉતરઃ– અનુભૂતિમાં વ્યવહારને જૂઠો કહ્યો છે, પણ તેને કાંઈ તેમાં વિપરીતતા નથી; નવતત્ત્વને જેમ છે તેમ જાણીને પછી અનુભવ ટાણે એનો વિકલ્પ છૂટી ગયો તેથી ત્યાં વ્યવહાર જૂઠો (અસત્–અવિદ્યમાન) કહ્યો; અને અજ્ઞાનીને તો નવતત્ત્વના નિર્ણયમાં જ ભૂલ છે, તેથી તેના વ્યવહારને વિપરીતપણાની અપેક્ષાએ ખોટો કહ્યો; વ્યવહારમાં જેની વિપરીતતા છે તેને તો નિર્ણય જ ખોટો છે, જ્ઞાન ખોટું છે, શ્રદ્ધા ખોટી છે, તેને શુદ્ધવસ્તુનો અનુભવ થાય નહિ. અહીં તો નવતત્ત્વ જાણીને વ્યવહારની વિપરીતતા જેણે દૂર કરી છે, તે ઉપરાંત શુદ્ધવસ્તુના અનુભવવડે નવતત્ત્વના વિકલ્પ પણ છોડયા છે–એવો જીવ અપૂર્વ સમ્યગ્દર્શન પામે છે, તેનું વર્ણન છે.

નવતત્ત્વના વિકલ્પથી પાર શુદ્ધજીવવસ્તુનો અનુભવ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે, માટે નવતત્ત્વના વિકલ્પથી પાર અને અંતરંગમાં સદાય શુદ્ધપણે પ્રકાશમાન એવી શુદ્ધ આત્મજ્યોતિને તમે દેખો એટલે કે અત્યંતપણે અનુભવમાં લ્યો,–એમ સંતોનો ઉપદેશ છે.

‘હું જ્ઞાતા છું, એમ જ્ઞાનસન્મુખ થઈને ન પરિણમતાં, રાગાદિનો કર્તા થઈને પરિણમે છે, તે જીવ ક્રમબદ્ધ–પર્યાયનો જ્ઞાતા નથી, ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા તો જ્ઞાયકસન્મુખ રહીને રાગાદિને પણ જાણે જ છે. તેને સ્વભાવસન્મુખ પરિણમનમાં શુદ્ધપર્યાય જ થતી જાય છે.

આત્માનો જ્ઞાન સ્વભાવ છે તેને લક્ષમાં લઈને તું વિચાર કે આ તરફ હું જ્ઞાયક છું–મારો સર્વજ્ઞસ્વભાવ છે,–તો સામે જ્ઞેયવસ્તુની પર્યાય ક્રમબદ્ધ જ હોય કે અક્રમબદ્ધ? પોતાના જ્ઞાનસ્વભાવને સામે રાખીને વિચારે તો તો આ ક્રમબદ્ધપર્યાયની વાત સીધીસટ બેસી જાય તેવી છે; પણ જ્ઞાયકસ્વભાવને ભૂલીને વિચારે તો એક પણ વસ્તુનો નિર્ણય થાય તેમ નથી.

# જીવનનું કર્તવ્ય

અધ્યાત્મતત્ત્વની વાત સમજવા આવનાર જિજ્ઞાસુને વૈરાગ્ય અને કષાયની મંદતા તો હોય જ. જેને કષાયની મંદતા અને વૈરાગ્ય હોય તેને જ આત્મસ્વરૂપ સમજવાની જિજ્ઞાસા જાગે. મંદ કષાયની વાતો તો બધાય કરે છે, પણ જે સર્વ કષાયથી રહિત છે એવું પોતાના આત્મતત્ત્વનું સ્વરૂપ તે સમજીને જન્મ-મરણના અંતની નિઃશંકતા આવી જાય તેની વાત અહીં જિનધર્મમાં છે. અનંતકાળે તત્ત્વ સમજવાના ટાણાં આવ્યાં, દેહ ક્યારે છૂટશે એનો કોઈ ભરોસો નથી, એવા કાળે જો કષાયને મૂકીને આત્મસ્વરૂપ નહિ સમજે તો ક્યારે સમજશે ? પુરુષાર્થસિદ્ધિઉપાયમાં તો કહ્યું છે કે જિજ્ઞાસુ જીવને પહેલાં સમ્યગ્દર્શનપૂર્વક મુનિપણાનો ઉપદેશ આપવો; અહીં તો હજી પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વાત છે. ભાઈ, માનવજીવનની દેહસ્થિતિ પૂરી થતાં જો તું સ્વભાવની રુચિ અને પરિણતિ સાથે ન લઈ જા તો તેં તારા જીવનમાં કાંઈ આત્મકાર્ય કર્યું નથી. દેહ છોડીને જતાં જીવની સાથે શું આવશે ? જો જીવનમાં તત્ત્વ સમજવાની દરકાર કરી હશે તો મમતારહિત સ્વરૂપની રુચિ અને પરિણતિ સાથે લઈ જશે; અને જો તે દરકાર નહિ કરી હોય તથા પરનાં મમત્વ કરવામાં જ જીવન કાઢયું હશે તો તેને માત્ર મમતાભાવની આકુળતા સિવાય બીજું કાંઈ સાથેજવાનું નથી. કોઈપણ જીવને પર વસ્તુઓ સાથે જતી નથી, માત્ર પોતાનો ભાવ જ સાથે લઈ જાય છે.

માટે અહીં આચાર્યદેવ કહે છે કે ચેતનાવડે આત્માનું ગ્રહણ કરવું. જેણે ચેતનાવડે આત્માનું ગ્રહણ કર્યું છે તે સદા આત્મામાં જ છે. જેણે ચેતનાવડે શુદ્ધ આત્માને જાણ્યો છે તે કદી પર પદાર્થને કે પરભાવોને આત્માના સ્વભાવ તરીકે ગ્રહણ કરતા નથી પણ શુદ્ધાત્માને જ પોતાપણે જાણીને તેનું જ ગ્રહણ કરે છે, એટલે તે સદાય પોતાના આત્મામાં જ છે. કોઈ પૂછે કે કુંદકુંદપ્રભુ ક્યાં છે ? તો જ્ઞાની ઉત્તર આપે છે કે ખરેખર કુંદકુંદપ્રભુ સ્વર્ગાદિ બાહ્યક્ષેત્રોમાં નથી પણ તેમના નિર્મળઆત્મામાં જ છે. જેણે કદી કોઈ પરપદાર્થોને પોતાના માન્યાં નથી અને એક ચેતનાસ્વભાવને જ સ્વપણે અંગીકાર કર્યો છે. તે ચેતનાસ્વભાવ સિવાય બીજે ક્યાં જાય ! જેણે ચેતનાવડે આત્માનું ગ્રહણ કર્યું છે તે સદા

પોતાના આત્મામાં ટકી રહે છે. જેમાં જેની દ્રષ્ટિ પડી છે તેમાં જ તે કાયમ રહેલા છે. પોતાની ચૈતન્યભૂમિકાથી બહાર ખરેખર કોઈ જીવ રહેતો નથી. પોતાની ચૈતન્યભૂમિકામાં જેવા ભાવ કરે તેવા ભાવમાં તે રહે છે; જ્ઞાની જ્ઞાનભાવમાં રહે છે અને અજ્ઞાની અજ્ઞાનભાવમાં રહે છે. બહારમાં ગમે તે ક્ષેત્ર હોય પણ જીવ પોતાની ચૈતન્યભૂમિકામાં જે ભાવ કરે તે ભાવને જ તે ભોગવે છે, બહારના સંયોગને ભોગવતો નથી. આમ સમજીને નિજભાવમાં રહેવું તે જીવનનું કર્તવ્ય છે.

( શ્રી સમયસાર ગાથા ૨૯૭ ના વ્યાખ્યાનમાંથી )

卐

# આત્માની તાલાવેલી

જેને શુદ્ધ આત્મા સમજવાની ધગશ જાગી છે. એવા જિજ્ઞાસુ જીવને પ્રશ્ન ઊઠે છે કે શુદ્ધ આત્માનું કેવું સ્વરૂપ છે? જેમ રણમાં કોઈને પાણીની તૃષા લાગી હોય, પાણી પીવાની ઝંખના થઈ હોય, તેને પાણીની નિશાની સાંભળતાં કેવી તાલાવેલી થાય! ને પછી પાણી પીતાં કેટલો તૃપ્ત થાય! તેમ જેને આ ભવરણમાં ભટકતાં આત્માનું સ્વરૂપ જાણવાની ઝંખના થઈ છે તે શુદ્ધઆત્માની વાત સાંભળતા આનંદિત થાય છે–ઉલ્લસિત થાય છે, ને પછી સમ્યક્પુરુષાર્થ વડે આત્મસ્વરૂપને પામીને તે તૃપ્ત થાય છે. શુદ્ધ આત્મસ્વરૂપને જાણવાની જેને તીવ્ર જિજ્ઞાસા થઈ છે એવા જીવને આ વાત સંભળાવવામાં આવે છે.

**આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહિ; પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ.**

**( સમયસાર ગા. ૫ ના પ્રવચનમાંથી )**

# સમ્યગ્દ્રષ્ટિની અંદરની દશાનું વર્ણન

**સવિકલ્પતા કે નિર્વિકલ્પતા-બંને વખતે સમ્યક્ત્વ સરખું છે.**

"ધર્માત્મા જ્યાં શુભ–અશુભરૂપ પરિણમતા હોય ત્યાં તેમને સમ્યક્ત્વનું અસ્તિત્વ કેવી રીતે હોય? તે વાત અહીં દ્રષ્ટાંતપૂર્વક સમજાવે છેઃ જેમ કોઈ ગુમાસ્તો શેઠના કાર્યમાં પ્રવર્તે છે, તે કાર્યને પોતાનું કાર્ય પણ કહે છે, હર્ષ–વિષાદને પણ પામે છે, એ કાર્યમાં પ્રવર્તતાં તે પોતાની અને શેઠની આપસમાં જુદાઈ પણ સમજતો નથી, પરંતુ તેને એવું અંતરંગ શ્રદ્ધાન છે કે 'આ મારું કાર્ય નથી.' એ પ્રમાણે કાર્ય કરનાર તે ગુમાસ્તો 'શાહુકાર' છે; પણ તે શેઠના ધનને ચોરી તેને પોતાનું માને તો તે ગુમાસ્તો ચોર જ કહેવાય; તેમ કર્મોદયજનિત શુભાશુભકાર્યનો કર્તા થઈ તદ્રૂપ પરિણમે તો પણ તે સમ્યગ્દ્રષ્ટિને એવા પ્રકારનું અંતરંગ શ્રદ્ધાન છે કે 'આ કાર્ય મારાં નથી.' પણ જો દેહાશ્રિત વ્રત–સંયમને પણ પોતાનાં માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. આવી રીતે સવિકલ્પ પરિણામ હોય છે."

શુભાશુભ પરિણામ વખતે પણ ધર્મીને શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ હોય છે એ વાત અહીં દ્રષ્ટાંત આપીને સમજાવી છે. સવિકલ્પપણું અને નિર્વિકલ્પપણું તો ઉપયોગની અપેક્ષાએ છે, શ્રદ્ધામાં કાંઈ સવિકલ્પ અને નિર્વિકલ્પ એવા ભેદ નથી. અશુભરાગરૂપ સવિકલ્પદશા હો કે શુભરાગરૂપ સવિકલ્પદશા હો, સમ્યક્ત્વ તો એ બંનેથી પાર શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ વર્તે છે. તે સમ્યગ્દ્રષ્ટિને સ્વાનુભવમાં ઉપયોગ હોય કે બહાર શુભ–અશુભમાં ઉપયોગ હોય,–પરંતુ બંને વખતે તેને સમ્યગ્દર્શન તો એક જ પ્રકારે વર્તે છે. આથી એમ ન સમજી લેવું કે સમકિતી પોતાના ઉપયોગને ગમે તેમ બહાર ભમાવ્યા કરતા હશે. સ્વાનુભવમાં જે આનંદનો સ્વાદ ચાખ્યો છે તેમાં ફરીફરીને ઉપયોગ જોડવાની ભાવના તેને વર્તે જ છે, તે માટે વારંવાર પ્રયત્ન પણ કરે છે; કેમકે, શ્રદ્ધા એવી ને એવી હોવા છતાં સ્વાનુભવમાં ઉપયોગ વખતે નિર્વિકલ્પદશામાં અતીન્દ્રિય આનંદનું જે વિશેષ વેદન થાય છે તેવું સવિકલ્પદશામાં નથી હોતું. પણ એવી નિર્વિકલ્પદશા નથી ટકતી ત્યારે શુભ કે અશુભમાં પણ ધર્મીનો ઉપયોગ જોડાય છે. અશુભમાં ઉપયોગ જોડાય ત્યારે સમકિત કાંઈ મેલું નથી થઈ જતું. ઇન્દ્રિય તરફ ઉપયોગ જોડાયો ત્યારે સમકિત જુદું ને અતીન્દ્રિય ઉપયોગ થયો ત્યારે સમકિત જુદું–એમ કાંઈ સમ્યગ્દર્શનમાં બે ભેદ નથી. પ્રત્યક્ષ–પરોક્ષ એવા ભેદ પણ ઉપયોગમાં છે, સમ્યગ્દર્શનમાં કાંઈ પ્રત્યક્ષપરોક્ષપણું નથી; સમ્યગ્દર્શન તો શુદ્ધઆત્માના શ્રદ્ધાનરૂપ જ છે.

શુભ–અશુભ વખતે પણ એ શ્રદ્ધાનનું સળંગપણું સમજાવવા અહીં શાહુકાર એટલે કે પ્રમાણિક ગુમાસ્તાનું દ્રષ્ટાંત આપ્યું છે. જેમ પ્રમાણિક મુનીમ પોતાના શેઠના બધા કાર્યો જાણે પોતાના જ હોય એ રીતે કરે છે, વેપારમાં લાભ–નુકશાન થાય ત્યાં હર્ષ–ખેદ કરે છે, આ અમારી દુકાન, આ અમારો માલ એમ કહે છે; એ રીતે શેઠના કાર્યોમાં પરિણામ લગાવવા છતાં અંદરમાં તે સમજે છે કે આમાં મારું કાંઈ નથી, આ બધું પારકું ( શેઠનું ) છે. તેમ ધર્માત્મા જીવ પણ રાગની ભૂમિકાઅનુસાર વિષય–કષાય –ક્રોધ–માન–વેપારધંધા–રસોઈ વગેરે અશુભપ્રવૃત્તિમાં કે પૂજા–ભક્તિ–દયા–દાન–યાત્રા –સ્વાધ્યાય–સાધર્મીપ્રેમ વગેરે શુભપ્રવૃત્તિમાં ઉપયોગને લગાવે છે. છતાં ઉપરોક્ત ગુમાસ્તાની જેમ તે સમજે છે કે આ દેહાદિનાં કાર્યો કે આ રાગાદિભાવો તે ખરેખર મારાં નથી, મારા સ્વરૂપની એ ચીજ નથી. તે રાગાદિ વખતે તેમાં તદ્રૂપપણે આત્મા પરિણમ્યો છે, અર્થાત્ આત્માની જ તે પર્યાય છે, પરંતુ શુદ્ધસ્વભાવ પોતે તે રાગરૂપ થઈ ગયો નથી. જો આવું શુદ્ધાત્માનું શ્રદ્ધાન ન રાખે ને રાગાદિને કે દેહાદિની ક્રિયાને ખરેખર પોતાનું સ્વરૂપ માને તો તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. જેમ ગુમાસ્તો જો શેઠની વસ્તુને ખરેખર પોતાની જ સમજીને પોતાના ઘરે ઉપાડી જાય તો તે પ્રમાણિક ન કહેવાય પણ ચોર કહેવાય; તેમ પારકી એવી દેહાદિ ક્રિયાને કે પારકા એવા રાગાદિ ભાવોને જે ખરેખર પોતાના માનીને તેને પોતાનું સ્વરૂપ જ સમજી લ્યે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. 'આ મારૂં નથી, આ શેઠનું છે' એમ ગુમાસ્તાને કાંઈ સદાય ગોખવું નથી પડતું, દરેક કાર્ય વખતે એને એ પ્રતીત અંદર વર્ત્યા જ કરે છે, તેમ 'આ શરીર મારું નથી, આ રાગ મારો નથી, હું શુદ્ધાત્મા છું' એમ ધર્મીને કાંઈ સદાય ગોખવું નથી પડતું, દરેક ક્ષણે–શુભાશુભ વખતે પણ એને સમસ્ત પરદ્રવ્યો અને સમસ્ત પરભાવોથી ભિન્ન શુદ્ધાત્માની જે પ્રતીત થઈ છે તે વર્ત્યા જ કરે છે.

જુઓ, આ સમ્યગ્દ્રષ્ટિની અંદરની દશા ! સમ્યક્ત્વની કેવી સરસ ચર્ચા કરી છે ! અહા, ધન્ય છે તે સાધર્મીઓને કે જેઓ આવી સ્વાનુભવની ચર્ચા કરે છે. સ્વ–પરનું યથાર્થ ભેદજ્ઞાન કહો, તત્ત્વાર્થશ્રદ્ધાન કહો, ભૂતાર્થનો આશ્રય કહો, શુદ્ધ નય કહો કે શુદ્ધાત્મશ્રદ્ધાન કહો, તે નિશ્ચય સમ્યક્ત્વ છે. આવી દશા પ્રગટયા વગરનો જીવ, ભલે જૈનધર્મમાં જ દેવ–ગુરુ–શાસ્ત્રને માનતો હોય ને અન્ય કુદેવાદિને માનતો ન હોય તોપણ, તેને સમ્યક્ત્વ કહેતા નથી, ધર્મી કહેતા નથી; માટે સ્વપરના યથાર્થ ભેદજ્ઞાનપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન કરીને સ્વાનુભવસહિત શુદ્ધાત્મશ્રદ્ધાન કરવું; તે જ સમ્યક્ત્વ છે, તે જ મોક્ષમાર્ગનું પહેલું રત્ન છે, ને તે જ પહેલો ધર્મ છે. પ્રસન્ન થઈને આત્માની પ્રીતિપૂર્વક આવા સમ્યક્ત્વાદિની વાત ઉત્સાહથી સાંભળે તે પણ મહાન ભાગ્યશાળી છે. તેમાં ઊંચી

જાતના પુણ્ય બંધાય છે; અને આ વાત સમજીને અંતરમાં પરિણમાવે તે તો અપૂર્વ કલ્યાણને પામે છે ને નિયમથી અલ્પકાળમાં મોક્ષ પામે છે. આવા અધ્યાત્મના રસીલા જીવો હંમેશા વિરલા જ હોય છે.

સમ્યગ્દ્રષ્ટિના સ્વરૂપની ઓળખાણ પણ જગતને દુર્લભ છે. સમ્યગ્દ્રષ્ટિએ શુદ્ધાત્માને પ્રતીતમાં લઈને પોતાનું પ્રયોજન સાધ્યું છે; મતિ–શ્રુતજ્ઞાનને આત્મજ્ઞાનદ્વારા સમ્યક્ કર્યા છે, એટલે તે જે કાંઈ જાણે તે બધું સમ્યગ્જ્ઞાન જ છે. તેનું જ્ઞાન પદાર્થોને વિપરીતપણે સાધતું નથી. પોતાનું મોક્ષમાર્ગ સાધવાનું જે પ્રયોજન છે તે અન્યથા થતું નથી. અહો, આત્મા સંબંધી જ્ઞાનમાં જ્યાં ભૂલ નથી ત્યાં બહારના જાણપણાની ભૂલ કાંઈ મોક્ષમાર્ગ સાધવામાં નડતી નથી. આત્માને જાણ્યો ત્યાં બધુંય જ્ઞાન સમ્યક્ ગઈ ગયું. મિથ્યાદ્રષ્ટિને બહારનું કંઈક જાણપણું ભલે હો પરંતુ તેનું તે બાહ્યજ્ઞાન મોક્ષમાર્ગરૂપ નિજપ્રયોજનને સાધતું નથી તેથી તેને મિથ્યાજ્ઞાન જ કહીએ છીએ. આ રીતે જ્ઞાનમાં ‘સમ્યક’ અને ‘મિથ્યા’ એવા બે પ્રકાર નિજપ્રયોજનને સાધવા–ન સાધવાની અપેક્ષાએ સમજવા. જુઓ, આ જ્ઞાનનું પ્રયોજન. શુદ્ધાત્મારૂપ પ્રયોજન વગરનું બધુંય જાણપણું થોથાં છે, મોક્ષમાર્ગમાં તેની કાંઈ ગણતરી નથી.

વળી એમ કહ્યું કે, સમ્યક્પણાની અપેક્ષાએ કેવળજ્ઞાન અને મતિશ્રુતજ્ઞાનની જાત એક છે. મતિશ્રુતજ્ઞાનને કેવળજ્ઞાનનો અંશ કહ્યો છે. સમ્યગ્દ્રષ્ટિને તે જ્ઞાન વધતાં વધતાં કેવળજ્ઞાન થાય છે. મિથ્યાજ્ઞાન પલટીને યથાર્થ તત્ત્વશ્રદ્ધાન સહિત જે સમ્યગ્જ્ઞાન થયું તેનો અચિંત્ય મહિમા છે, તે જ્ઞાન મોક્ષને સાધે છે.

હવે સમ્યગ્દ્રષ્ટિને આવા મતિ–શ્રુતજ્ઞાન જ્યારે સ્વાનુભવમાં પ્રવર્તે ત્યારે તો નિર્વિકલ્પતા હોય છે, અને જ્યારે બહારના શુભાશુભ કાર્યોમાં પ્રવર્તે ત્યારે સવિકલ્પતા હોય છે. પરંતુ સવિકલ્પતા હો કે નિર્વિકલ્પતા હો–સમ્યગ્દર્શન તો બંને વખતે એવું ને એવું વર્તે છે. કાંઇ એમ નથી કે નિર્વિકલ્પતા વખતે સમ્યગ્દર્શન વધુ નિર્મળ થઈ જાય ને સવિકલ્પતા વખતે તે મલિન થઈ જાય. કોઈને સવિકલ્પતા હોય છતાં ક્ષાયિકસમ્યક્ત્વ વર્તતું હોય, કોઈને નિર્વિકલ્પતા હોવા છતાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ વર્તતું હોય, એટલે સમકિતની નિર્મળતાનું કે નિશ્ચય–વ્યવહારનું માપ સવિકલ્પતા–નિર્વિકલ્પતા ઉપરથી નથી થતું. હા, એમાં એટલો નિયમ ખરો કે સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળે નિર્વિકલ્પઅનુભૂતિ હોય જ, અને મિથ્યાદ્રષ્ટિને તો નિર્વિકલ્પઅનુભૂતિ કદી હોઈ શકે નહિ. પરંતુ સમ્યગ્દ્રષ્ટિને નિર્વિકલ્પઉપયોગ સદાય રહે એવું એ બંનેનું સદાય અવિનાભાવીપણું નથી.

અહીં એ પ્રશ્ન સમજાવે છે કે શુભ–અશુભમાં ઉપયોગ વર્તતો હોય ત્યારે સમ્યક્ત્વનું અસ્તિત્વ કઈ રીતે હોય?–ભાઈ જી! સમકિત એ કાંઈ ઉપયોગ નથી, સમકિત એ તો પ્રતીતિ છે. શુભાશુભમાં ઉપયોગ વર્તતો હોય ત્યારે પણ શુદ્ધાત્માનું અંતરંગશ્રદ્ધાન તો ધર્મીને એવું ને એવું વર્તે છે; સ્વ–પરનું જે ભેદવિજ્ઞાન થયું છે તે તો તે વખતે પણ વર્તી જ રહ્યું છે. આ શુભ–અશુભ મારો સ્વભાવ નથી, હું તો શુદ્ધચૈતન્ય સ્વભાવ જ છું–એવી નિશ્ચય અંતરંગશ્રદ્ધા ધર્મીને શુભ–અશુભ વખતેય ખસતી નથી. જેમ ગુમાસ્તો શેઠના કાર્યોમાં પ્રવર્તે છે, નફો–નુકશાન થતાં હર્ષ–વિષાદ પણ પામે છે. છતાં અંતરમાં ભાન છે કે આ નફા–નુકશાનનો સ્વામી હું નથી. જો શેઠની મિલકતને ખરેખર પોતાની માની લ્યે તો તો ચોર કહેવાય. તેમ ધર્માત્માનો ઉપયોગ શુભ–અશુભમાં ય જાય છે, શુભ–અશુભરૂપે પરિણમે છે, તોપણ અંતરમાં તે જ વખતે તેને શ્રદ્ધાન છે કે આ કાર્ય મારાં નથી, તેનો સ્વામી હું નથી, શુદ્ધઉપયોગ વખતે જેવી પ્રતીત વર્તતી હતી, અશુભ ઉપયોગ વખતે પણ એવી જ પ્રતીત શુદ્ધાત્માની વર્તે છે. એટલે તેને શુભ અશુભ વખતેય સમ્યક્ત્વમાં બાધા આવતી નથી. જો પરભાવોને પોતાના માને કે દેહાદિ પરદ્રવ્યની ક્રિયાને પોતાની માને–તો તત્ત્વશ્રદ્ધાનમાં વિપરીતતા થાય એટલે મિથ્યાત્વ થાય.

વળી, નિર્વિકલ્પતા વખતે નિશ્ચય સમ્યક્ત્વ, ને સવિકલ્પતા વખતે વ્યવહારસમ્યક્ત્વ એમ પણ નથી. ચોથા ગુણસ્થાને મિથ્યાત્વને નષ્ટ કરીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિપૂર્વક શુદ્ધાત્મપ્રતીતરૂપ જે સમ્યગ્દર્શન પ્રગટયું છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે; અને આ નિશ્ચય સમ્યગ્દર્શન સવિકલ્પ કે નિર્વિકલ્પ બંને દશા વખતે એકસરખું જ છે. સ્વાનુભવ વખતે તો નિર્વિકલ્પતા હોય છે. સમ્યગ્દ્રષ્ટિને જ્યારે સમ્યગ્દર્શન પ્રગટયું ત્યારે તો સ્વાનુભવ અને નિર્વિકલ્પતા થઈ, પણ તે નિર્વિકલ્પ–સ્વાનુભવમાં સદાકાળ રહી શકે નહિ. નિર્વિકલ્પદશા લાંબો કાળ ટકે નહિ; પછી સવિકલ્પદશામાં આવતાં શુભ કે અશુભમાં ઉપયોગ જોડાય. અને શુદ્ધાત્મપ્રતીત તો તે વખતેય ચાલુ જ રહે.–આવી સમકિતી મહાત્માની સ્થિતિ છે. પોતાના શુદ્ધ આત્મભાવ સિવાય બીજા કોઈના સ્વામીત્વપણે તે કદી પરિણમતા નથી.

ધર્મીને શુભભાવ વખતે પણ સમ્યક્ત્વ હોય છે–એમ કહ્યું, તેથી એમ ન સમજી જવું કે તે શુભભાવ કરતાં કરતાં સમ્યક્ત્વ થઈ જશે. જો તે શુભભાવને સ્વભાવની ચીજ માનીને તેનું સ્વામીત્વ કરે અથવા તે શુભભાવને સમ્યક્ત્વનું કારણ માને તો તે જીવને શુભની સાથે સમ્યક્ત્વ નથી હોતું, પણ શુભની સાથે મિથ્યાત્વ હોય છે. શુભ વખતે જેને શુભથી રહિત એવા શુદ્ધાત્માની શ્રદ્ધા વર્તે છે તે જ સમ્યગ્દ્રષ્ટિ છે.

સમ્યગ્દર્શન થયા પછી જો શુભ–અશુભ પરિણામ થાય જ નહિ તો તો તરત જ

વીતરાગતા ને કેવળજ્ઞાન થઈ જાય. પણ એમ બધાને બનતું નથી. સમ્યગ્દર્શન પછી પણ જ્યાં સુધી પોતાના સ્વરૂપમાં પૂર્ણ લીનતા ન થાય ત્યાં સુધી પોતાના ચારિત્રની નબળાઈને લીધે ધર્મીને શુભ–અશુભભાવોરૂપ પરિણમન થાય છે. ધર્મી એને પોતાનો સ્વભાવ પણ જાણતો નથી, તેમ જ કર્મે તે કરાવ્યા છે એમ પણ માનતો નથી, પોતાના ગુણનું પરિણમન એટલું ઓછું છે એટલે તે પોતાની જ પરિણતિનો અપરાધ છે.–એમ તે સમજે છે. આ રીતે સમ્યક્પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન તેને વર્તે છે.

આ રીતે સમ્યગ્દ્રષ્ટિની સવિકલ્પદશા બતાવી અને તે સવિકલ્પદશામાં સમ્યક્ત્વ હોય છે–એ સમજાવ્યું. હવે તે સમ્યગ્દ્રષ્ટિ સવિકલ્પતામાંથી ફરીને નિર્વિકલ્પ કઈ રીતે થાય છે–તે બતાવે છે. **-પં ટોડરમલ્લજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ ઉપરના પ્રવચનોમાંથી**

સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા નિર્વિકલ્પ આત્મધ્યાન કઈ રીતે કરે છે તથા તેને સ્વરૂપનું ચિંતન ક્યા પ્રકારે હોય છે, સ્વરૂપચિંતન કરતાં શું થાય છે, અને જિજ્ઞાસુને પણ સ્વરૂપના ધ્યાન માટે કેવો ઉદ્યમ ને કેવી પૂર્વવિચારણા હોય–તે સંબંધી મુમુક્ષુને ઉપયોગી સુંદર લેખ આવતા અંકમાં વાંચશોજી.

જડથી અને જડના કાર્યોથી જુદો, હું જ્ઞાનાનંદસ્વરૂપ છું–એમ પોતાના સ્વભાવનો નિર્ણય જીવે પૂર્વે એક સેકંડ પણ નથી કર્યો તેથી તે અપૂર્વ છે. એ સિવાય બીજું બધું પૂર્વે કરી ચૂક્યો છે, પણ તેનાથી ચાર ગતિનું પરિભ્રમણ મટયું નહિ. તે કાંઈ અપૂર્વ નથી. ભગવાન! એક વાર તારા ચૈતન્યતત્ત્વને સાંભળીને તેનો અપૂર્વ નિર્ણય કર. તારી અંતર્શક્તિમાં સર્વજ્ઞપણું પડેલું છે, તેને ભૂલીને પોતાને વિકાર જેટલો તુચ્છ માને છે અને હું જડનાં કાર્ય કરું–એવું મિથ્યા અભિમાન કરે છે તે પાપ છે ને દુઃખનું કારણ છે. અંતર્મુખ થઈને પોતાના પરિપૂર્ણ ચિદાનંદ સ્વભાવનો અપૂર્વ નિર્ણય કરવો તે ધર્મ છે ને તે સુખનું કારણ છે.

# વિવિધ વચનામૃત

( આત્મધર્મનો ચાલુ વિભાગ લેખાંક: ૧૦ )

[નોંધ: આત્મધર્મ અંક ૨૫૯ વૈશાખમાં છપાયેલા લેખનો નં. ૭ ને બદલે ૮ સમજવો તથા તેના સળંગ નંબર સુધારીને ૧૩૯ થી ૧૪૭ સમજવા. ત્યારબાદ અંક ૨૬૦ જેઠમાં છપાયેલ લેખનો નંબર ( ૭ ) ને બદલે ( ૯ ) સમજવો; અને તેના સળંગ નંબર સુધારીને ( ૧૪૮ ) થી ( ૧૫૩ ) સમજવા.]

## ( ૧૫૪ ) મોક્ષાર્થી કેવો હોય ને શું કરે ?

શાસ્ત્રોમાં આચાર્ય ભગવાન એક શરત કરે છે કે જે જીવ મોક્ષનો અર્થી હોય, બીજું કાંઈ શલ્ય જેને ન હોય, એક માત્ર અતીન્દ્રિય આત્મસુખના અનુભવ સિવાય બીજું કાંઈ જેને ઉપાદેય નથી, બીજું કાંઈ જેને પ્રિય નથી,–આવો મોક્ષાર્થી જીવ,–તે શું કરે ?

તે આનંદની વિરુદ્ધ એવા સમસ્ત કાર્યને आमूलचूल ત્યાજ્ય સમજે છે; ચૈતન્યના પરમ આનંદની અનુભૂતિ સિવાય સમસ્ત સંકલ્પ–વિકલ્પ, સમસ્ત અશુભ–શુભ, સમસ્ત રાગ–દ્વેષ તેને જડમૂળથી પોતાના સ્વભાવની બહાર સમજે છે. મારા સ્વભાવની હદમાં તે કોઈ પરભાવોનો પ્રવેશ નથી; મારા અતીન્દ્રિય પદમાં તે કોઈ ભાવો નથી–એમ જ્યારે સ્વાનુભવ કરે છે ત્યારે મોક્ષમાર્ગ થાય છે.

卐

## ( ૧૫૫ ) અનુભવજીવન: પછી નહીં પરંતુ હમણાં જ

સંતો શુદ્ધ આત્માના અનુભવનો ઉપદેશ આપે છે કેમકે તેનાથી જ મોક્ષમાર્ગ થાય છે. જીવનમાં.....પછી નહિ પરંતુ હમણાં જ....આવો અનુભવ કરવા જેવો છે. એવા અનુભવ વગરનું જીવન એ જીવન ઉપાદેય નથી; અનુભવજીવન એ જ આત્માનું સાચું જીવન છે.

卐

## ( ૧૫૬ ) સન્તો ભેદજ્ઞાન આપે છે

મારા જ્ઞાનસ્વભાવનો મહિમા કોઈ અચિંત્ય અપાર છે; એ સ્વભાવના સ્વસન્મુખ મહિમામાં એકાગ્ર થતાં જ વિકલ્પ તૂટી જાય છે. જ્ઞાનભાવમાંથી રાગ નીકળી જાય છે, જ્ઞાનધારા રાગથી જુદી પડી જાય છે–એટલે ભેદજ્ઞાન થાય છે......જ્ઞાનનો ખરો સ્વાદ અનુભવાય છે. આવા ભેદજ્ઞાનનું ને આવા સ્વાનુભવનું અદ્ભુત વર્ણન સમયસારનાં સંવર અધિકારમાં કર્યું છે. અહો, ભેદજ્ઞાનની અંતરની રીત બતાવીને સંતો જાણે ભેદજ્ઞાન આપી રહ્યા છે. એ ભેદજ્ઞાનનો અધિકાર એકાન્તચિત્તે ખૂબ મનન કરવા જેવો છે.

## ( ૧૫૭ ) મુનિ અને મુમુક્ષુ

મુનિઓનું જીવન જેમ સ્વાનુભવમય છે, તેમ મુમુક્ષુનું જીવન ભેદજ્ઞાનની ભાવનામય હોવું જોઈએ. ભેદજ્ઞાનની ભાવનાનું ફળ સ્વાનુભવપ્રાપ્તિ છે. મુમુક્ષુ એ પણ મુનિનો નાનો ભાઈ છે. મુનિરાજ મહા મુમુક્ષુ છે, આ હજી નાનો મુમુક્ષુ છે. એનું જીવન પણ મુનિને અનુસરતું હોવું જોઈએ.

卐

## ( ૧૫૮ ) એક જ ધૂન

જેને બીજાનો કોઈનો આદર ન હોય ને ચૈતન્યનો એકનો જ આદર હોય, તેને તેની પ્રાપ્તિ–અનુભૂતિ કેમ ન થાય? પણ જીવને એની ખરી ધૂન લાગવી જોઈએ. બીજી બધી ધૂન એકવાર મનમાંથી નીકળી જાય ને એક જ ધૂન રહે તો બધી શક્તિ તે તરફ વળે ને પોતાના ઈષ્ટનો અનુભવ થાય. હે જીવ! અતીન્દ્રિય આનંદના સ્વાદનો સ્વાદિયો થઈને મોક્ષના મંગલ મંડપ તારા આત્મામાં રોપ.

卐

## ( ૧૫૯ ) મુમુક્ષુના પરિણામનો પ્રવાહ

મુમુક્ષુને ગૃહકાર્ય–સંસારકાર્ય તરફ પરિણામ જેટલા ઓછા જાય તેટલું સારું; વધુમાં વધુ પરિણામ આત્માના હિત તરફના થાય એ ખાસ જરૂરી છે. એ પરપરિણામ તો જીવને ઝટ સુગમ થઈ જાય છે, સ્વપરિણામ માટે ખૂબ જ જાગૃત રહેવાનું છે......સતત અંતર ઉદ્યમવડે સ્વપરિણામને સહજ કરવાના છે.

## ( ૧૬૦ ) સ્વાધ્યાય એટલે સંતો સાથે ગોષ્ઠી

મુમુક્ષુને વીતરાગી સંતોની વાણીની સ્વાધ્યાય કરતાં જાણે કે તે સંતોની સાથે જ ગોષ્ઠી કરતા હોઈએ એવો આહ્લાદ બહુમાન અને શ્રુતભાવના જાગે છે.

## ( ૧૬૧ ) જીવના પરિણામની તાકાત

આરાધનાનો કાળ અસંખ્ય સમયનો છે; અસંખ્ય સમયમાં આરાધનાવડે સાધકજીવ અનંતકાળના મોક્ષસુખને સાધે છે, એટલે એકેક સમયની આરાધનાના ફળમાં અનંતકાળનું સુખ પામે છે; આ રીતે આરાધકભાવનું ફળ અનંતગણું છે.

અને, જીંદગીમાં સંખ્યાત વર્ષના આયુષ્યમાં પાપ કરીને જે જીવ નરકે જાય છે તે એકેક સેકંડના પાપના ફળમાં અસંખ્યાતા વર્ષોનું ઘોર દુઃખ પામે છે. એટલે થોડા કાળના પાપમાં અસંખ્યાતગણા કાળનું દુઃખ વહોરે છે.

જુઓ, જીવના પરિણામની તાકાત!
ઉલટા પરિણામ કરે તો એક ક્ષણમાં
અસંખ્યાતા વર્ષોનું દુઃખ ઊભું કરે.
સુલટા પરિણામ કરે તો એક ક્ષણમાં
અનંતકાળના મોક્ષસુખને પામે.

# તત્ત્વ ચર્ચા

**( સં. ૨૦૨૧ ચૈત્ર-વૈશાખ માસ દરમિયાન પૂ. ગુરુદેવ એક માસ રાજકોટ પધાર્યા ત્યારે હંમેશા રાત્રે તત્ત્વચર્ચા-પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ જિજ્ઞાસુઓને રસ ઉપજાવતો હતો; તે પ્રશ્નોત્તરીમાંથી તેમજ સોનગઢની તત્ત્વચર્ચાઓમાંથી કેટલીક ઉપયોગી નોંધનું દોહન અહીં આપવામાં આવ્યું છે. )**

**( આત્મધર્મ અંક ૨૫૯થી ચાલુ )**

( ૧૮ ) પ્ર; પરદ્રવ્યને જાણવા તરફ પરિણતિ જાય એટલે કે ઉપયોગ બહારમાં ભમે, અને તે વખતે વીતરાગતા રહે–એમ બને ?

ઉ; સ્વાશ્રયે જેટલી વીતરાગ પરિણતિ થઈ છે તેટલી વીતરાગતા તો પરજ્ઞેય તરફ લક્ષ વખતેય સાધકને ટકી જ રહે છે. પણ સાધકને પરજ્ઞેય તરફ ઉપયોગ વખતે પૂરી વીતરાગતા નથી, એટલે રાગ અને વિકલ્પ છે. પરજ્ઞેય તરફ ઉપયોગ જાય ને સંપૂર્ણ વીતરાગતા હોય એમ ન બને, ત્યાં રાગનો અવશ્ય સદ્ભાવ છે. પણ તે ભૂમિકામાં જેટલી વીતરાગતા થઈ છે તેટલી તો ત્યારે પણ ટકી રહે છે; જેમકે ચોથા ગુણસ્થાને પરલક્ષ વખતે પણ અનંતાનુબંધી રાગ–દ્વેષ તો થતા જ નથી; છઠ્ઠા ગુણસ્થાને પરલક્ષ વખતે ત્રણ કષાયો ( સંજ્વલન સિવાયના ) તો થતા જ નથી, એટલી વીતરાગતા ટકી રહે છે. કેવળી ભગવાન પરનેય જાણે છે પણ તેમને ઉપયોગ પરમાં મૂકવો પડતો નથી, સ્વમાં જ ઉપયોગ લીન છે.

卐

( ૧૯ ) પ્રઃ પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ ને રૂપાતીત–એમ ધર્મધ્યાનના જે ચાર પ્રકાર છે, તેમાં કેટલા સવિકલ્પ છે ને કેટલા નિર્વિકલ્પ છે ?

ઉઃ પરમાર્થે તો ચારે પ્રકારના ધર્મધ્યાન નિર્વિકલ્પ છે, કેમકે જ્યારે વિકલ્પ છૂટીને ઉપયોગ સ્વમાં થંભે ત્યારે જ ખરૂં ધર્મધ્યાન કહેવાય. પિંડસ્થ એટલે દેહમાં

રહેલો શુદ્ધ આત્મા, પદસ્થ એટલે શબ્દના વાચ્યરૂપ શુદ્ધ આત્મા, રૂપસ્થ એટલે અરિહંત સર્વજ્ઞદેવ તથા રૂપાતીત એટલે દેહાતીત સિદ્ધ પરમાત્મા–એ ચાર પ્રકારના સ્વરૂપનું અનેક પ્રકારે ચિંતન બીજા સ્થૂળ વિકલ્પોમાંથી છૂટીને મનને એકાગ્ર કરવા ટાણે આવે, તેને વ્યવહારે ધર્મધ્યાન કહેવાય, પણ પછી તેના વિકલ્પો છૂટીને નિજ સ્વરૂપમાં ઉપયોગ જામે ત્યારે ખરૂં ધર્મધ્યાન કહેવાય, આ રીતે ચાર પ્રકારના સવિકલ્પ ચિંતનને વ્યવહારે ધર્મધ્યાન કહ્યું, પરમાર્થ ધર્મધ્યાન નિર્વિકલ્પ છે. પરમાર્થ ધર્મધ્યાન વીતરાગ છે, ને તે જ મોક્ષનું સાધક છે.

卐

( ૨૦ ) પ્રઃ કોઈવાર અમુક જ્ઞેયોને જાણતી વખતે રાગ કે દ્વેષ થતો હોય તેમ લાગતું નથી; તો તે વખતે કેવા પ્રકારે રાગ સમજવો ?

ઉઃ પરિણતિમાં જ્યાંસુધી વીતરાગતા થઈ નથી ત્યાંસુધી રાગ છે. ઉપયોગની સ્થૂળતામાં કોઈવાર રાગ–દ્વેષના પરિણામ ન પકડાય, ત્યારે પણ ભૂમિકાઅનુસાર રાગ–દ્વેષ પરિણતિ વર્તતી હોય છે, મિથ્યાદ્રષ્ટિ બહારથી શાંત બેઠેલો દેખાય, પરિણામમાં શાંતિ લાગતી હોય, ત્યારે પણ કષાયોમાં એકમેક પરિણતિથી અનંતાનુબંધી કષાય તેને વર્તી જ રહ્યા છે. જ્ઞાનીને લડાઈની ક્રિયા ને ક્રોધના પરિણામ વખતેય અનંતાનુબંધી રાગદ્વેષનો અભાવ છે. જીવના આવા સૂક્ષ્મ પરિણામોનું માપ બહારના સ્થૂળ જ્ઞાનથી ન આવે.

卐

( ૨૧ ) પ્રઃ– જેમ હરણિયું મૃગજળ પાછળ દોડે છે, ઠંડી હવા પણ આવતી નથી છતાં ભ્રમથી પાણી માનીને દોડયું જાય છે; તેમ શુભભાવ મૃગજળ જેવા છે તેમાં અજ્ઞાની શાંતિ શોધે છે–તે ભ્રમ છે એમ આપે કહ્યું,–પરંતુ અશુભ મટીને શુભભાવ થાય ત્યાં તો ઠંડી હવા આવતી હોય–એવું અમને લાગે છે,–તો એ ભ્રમ કેમ ટળે ?

ઉઃ સ્વભાવની અતીન્દ્રિય શાંતિ શું ચીજ છે તેની અજ્ઞાનીને ખબર નથી, તે શાંતિ તેણે કદી જોઈ નથી તેથી શુભભાવમાં આકુળતા કંઈક ઓછી થતાં તેને ભ્રમથી શાંતિ લાગે છે; ખરેખર શુભમાંય શાંતિ નથી પણ આકુળતા જ છે. ધીરો થઈને સ્વભાવનો ગંભીર વિચાર કરે. તેમાં ઊંડો ઊતરે તો શુભરાગમાંય આકુળતા ને અશાંતિ લાગે; ને ત્યારે સ્વભાવની શાંતિની ઠંડી હવા આવે.....નિર્વિકલ્પ અનુભવ કરે ત્યારે સ્વભાવની સાચી શાંતિની ખબર પડે. અહા, ચૈતન્યની શાંતિના વેદન પાસે જ્ઞાનીને શુભરાગમાં પણ ધગધગતી રેતી જેવી આકુળતા ભાસે છે. પણ એ સ્વભાવ જેણે કદી જોયો નથી તેને

તીવ્ર સંકલેશમાંથી કંઈક મંદ પરિણામ થતાં શાંતિ લાગે છે, પણ એ ખરી શાંતિ નથી. આત્માની ખરી શાંતિ શુભરાગથી જુદી જ જાતની છે.

卐

( ૨૨ ) પ્રઃ–પર્યાય તે આખી વસ્તુ નથી, છતાં આખી વસ્તુને કઈ રીતે જાણી લ્યે છે?

ઉઃ– એક મતિજ્ઞાનની પર્યાયમાં પણ તાકાત છે કે આખા આત્માને જાણી લ્યે; પર્યાય પોતે આખી વસ્તુ નથી એ ખરૂં, પણ આખી વસ્તુને જાણવાની તાકાત તેનામાં છે. કેવળજ્ઞાનપર્યાય ભલે એક સમયની છે પણ સમસ્ત સ્વ–પરને તે જાણી લે છે એવી તેની બેહદ તાકાત છે. પર્યાય પોતે આખી વસ્તુ હોય તો જ આખી વસ્તુને તે જાણી શકે એવું કાંઈ નથી. જેમ આત્મા છ દ્રવ્યોરૂપ ન હોવા છતાં છ એ દ્રવ્યોને જાણી લ્યે એવી તેની તાકાત છે, તેમ એક પર્યાય તે આખી વસ્તુ ન હોવા છતાં આખી વસ્તુને જાણી લ્યે એવી એની તાકાત છે. જાણવાનું કામ તો પર્યાયમાં થાય છે, કાંઈ દ્રવ્ય–ગુણમાં થતું નથી.

卐

( ૨૩ ) પ્રઃ– એક સમ્યગ્દ્રષ્ટિ બીજા સમ્યગ્દ્રષ્ટિને ઓળખી જ લ્યે?

ઉઃ– હા, તે પ્રકારનો સીધો પરિચય થાય તો જરૂર ઓળખી લ્યે.

卐

( ૨૪ ) પ્રઃ– સ્વાનુભવ મનજનિત છે કે અતીન્દ્રિય છે?

ઉઃ– સ્વાનુભવમાં ખરેખર મન કે ઇન્દ્રિયનું અવલંબન નથી, તેથી ને અતીન્દ્રિય છે; પણ સ્વાનુભવમાં મતિશ્રુતજ્ઞાન છે ને મતિશ્રુતજ્ઞાન મનના કે ઇન્દ્રિયના અવલંબન વગર હોતા નથી તે અપેક્ષાએ સ્વાનુભવમાં મનનું અવલંબન પણ ગણ્યું છે. ખરેખર મનનું અવલંબન તૂટયું તેટલો સ્વાનુભવ છે; સ્વાનુભવમાં જ્ઞાન અતીન્દ્રિય છે.

卐

( ૨૫ ) પ્રઃ એક સૂક્ષ્મ પરમાણુ કે સૂક્ષ્મ સ્કંધ એકલો સ્થૂળરૂપે પરિણમે?

ઉઃ ના, બીજા સ્થૂળ સ્કંધ સાથે તે ભળે ત્યારે તેમાં સ્વયં સ્થૂળરૂપ પરિણમન થાય. જેમ અનાદિનો અજ્ઞાની જીવ જ્ઞાનીના નિમિત્તપૂર્વક જ જ્ઞાની થાય છે, તેમ સ્થૂળ સ્કંધના નિમિત્તપૂર્વક જ બીજા સૂક્ષ્મ સ્કંધો કે પરમાણુઓ સ્થૂળરૂપે પરિણમે છે, એ અનાદિનિયમ છે.

( ૨૬ ) પ્રઃ સમ્યક્ત્વનું આત્મભૂત લક્ષણ શું ?

ઉઃ સ્વ–પરનું યથાર્થ ભેદજ્ઞાન સદાય સમ્યક્ત્વની સાથે જ હોય છે અને એ બંને પર્યાયો એક જ સ્વદ્રવ્યના આશ્રયે છે, માટે ભેદવિજ્ઞાન તે સમ્યક્ત્વનું આત્મભૂત લક્ષણ છે. ગુણભેદની અપેક્ષાએ સમ્યક્ત્વનું લક્ષણ નિર્વિકલ્પપ્રતીતિ તે આત્મભૂત લક્ષણ, ને સમ્યક્ત્વનું લક્ષણ ભેદવિજ્ઞાન તે અનાત્મભૂતલક્ષણ એમ પણ કહેવાય. નિર્વિકલ્પઅનુભૂતિ સમ્યક્ત્વની સાથે સદાય નથી હોતી, તેથી તેને સમ્યક્ત્વનું લક્ષણ કહેતા નથી. સમ્યક્ત્વ પ્રગટતી વખતે નિર્વિકલ્પઅનુભૂતિ જરૂર હોય છે–તેથી તેને 'સમ્યક્ત્વ પ્રગટવાનું' લક્ષણ કહી શકાય.

અનુભૂતિ તે સમ્યક્ત્વના સદ્ભાવને પ્રસિદ્ધ જરૂર કરે છે. પણ અનુભૂતિ ન હોય ત્યારેય સમકિતીને સમ્યગ્દર્શન હોય છે, માટે અનુભૂતિને સમ્યક્ત્વનું લક્ષણ કહી શકાતું નથી. લક્ષણ એવું હોવું જોઈએ કે લક્ષ્યની સાથે સદૈવ, અને જ્યાં લક્ષણ ન હોય ત્યાં લક્ષ્ય પણ ન હોય.

卐

( ૨૭ ) પ્રઃ– સ્વ–પરપ્રકાશક જ્ઞાનને પ્રમાણ કહ્યું છે, તે કઈ રીતે ? છદ્મસ્થને તો કાંઈ સ્વ–પરનો એક સાથે ઉપયોગ હોતો નથી ?

ઉઃ– પ્રમાણને સ્વપરપ્રકાશક કહ્યું છે ત્યાં કાંઈ સ્વ અને પર બંનેમાં એક સાથે ઉપયોગ હોવાની વાત નથી, પણ જે જ્ઞાને સ્વને સ્વપણે ને પરને પરપણે જાણ્યું છે તે સમ્યગ્જ્ઞાન પ્રમાણ છે–એમ તેનું સ્વ–પરપ્રકાશકપણું સમજવું. અવધિમનઃપર્યયનો ઉપયોગ તો પરમાં જ હોય છે, છતાં તે પણ સ્વને સ્વપણે ને પરને પરપણે જાણે છે, તેથી પ્રમાણ છે. છદ્મસ્થને ઉપયોગ તો સ્વમાં હોય ત્યારે પરમાં ન હોય, ને પરમાં હોય ત્યારે સ્વમાં ન હોય, છતાં પ્રમાણરૂપ સમ્યગ્જ્ઞાન તો જ્ઞાનીને સદૈવ વર્તે છે. પરને જાણતી વખતેય 'હું જ્ઞાન છું' એવું આત્મભાન ખસતું નથી, એ જ જ્ઞાનની પ્રમાણતા છે.

卐

( ૨૮ ) પ્રઃ– દર્શનઉપયોગમાં શુભ ને અશુભ એવા ભેદ પડે ?

ઉઃ– ના; શુભ ને અશુભ એવા ભેદ દર્શનઉપયોગમાં કે જ્ઞાનઉપયોગમાં નથી, એ તો ચારિત્રના આચરણરૂપ ઉપયોગના ભેદ છે. ચારિત્રના આચરણમાં શુભ, અશુભ ને શુદ્ધ– એવા ત્રણ પ્રકાર છે, તેને શુભ–અશુભ કે શુદ્ધ ઉપયોગ કહેવાય છે.

(૨૯) પ્રઃ– જ્ઞાનીનું જ્ઞાન સ્વને સ્વ ને પરને પર જાણે છે, છતાં તેનો જ્ઞાનઉપયોગ સ્વમાં ટકી શકતો નથી ને પર તરફ જ્ઞાનનો ઉપયોગ જાય છે તો તે જ્ઞાનનો દોષ ખરો કે નહિ?

ઉઃ– પરમાં ઉપયોગ વખતેય જ્ઞાનીને જ્ઞાનનું સમ્યકપણું તો ખસતું નથી, ને મિથ્યાપણું થતું નથી તેથી તે અપેક્ષાએ તેના જ્ઞાનમાં દોષ નથી; પણ જ્ઞાન હજી કેવળજ્ઞાનરૂપ નથી પરિણમતું તે જ્ઞાનનો દોષ છે; જ્ઞાનનો સ્વભાવ કેવળજ્ઞાનરૂપ થવાનો છે, જ્યાં સુધી કેવળજ્ઞાનરૂપે ન પરિણમે ત્યાંસુધી જ્ઞાન સદોષ છે–આવરણવાળું છે. –મિથ્યા નથી છતાં દોષિત તો છે. ઉપયોગ ભલે સ્વમાં હો ત્યારે પણ પૂરું કેવળજ્ઞાનભાવે નથી પરિણમ્યું તે તેનો દોષ છે. આમ છતાં, તે વખતે જે રાગ છે તે કાંઈ જ્ઞાનકૃત નથી, રાગ તો ચારિત્રનો દોષ છે.

## સર્વ ધર્મનું મૂળીયું

જ્ઞાન અને ચારિત્રનું બીજ સમ્યગ્દર્શન જ છે, યમ અને પ્રશમભાવનું જીવન સમ્યગ્દર્શન જ છે, અને તપ તથા સ્વાધ્યાયનો આધાર પણ સમ્યગ્દર્શન જ છે. એમ આચાર્યોએ કહ્યું છે. (જ્ઞાનાર્ણવ અ. ૬ ગા. ૫૪)

## પ્રૌઢ જૈન શિક્ષણવર્ગ

**(માત્ર ભાઈઓ માટે)**

સોનગઢમાં દર વર્ષની માફક પ્રૌઢવયના ભાઈઓ માટેનો જૈનશિક્ષણવર્ગ શ્રાવણ સુદ છઠ્ઠ થી શ્રાવણ વદ નામે (તા. ૨–૮–૬૫ થી ૨૧–૮–૬૫) સુધી ચાલશે. તો જે ભાઈઓને વર્ગમાં આવવા ઈચ્છા હોય તેમણે જૈન **સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ-સોનગઢ, ને સૂચના મોકલી દેવી.**

ખાસ નોંધઃ આ શિક્ષણવર્ગ માત્ર ભાઈઓને માટે જ છે, બહેનોએ શિક્ષણવર્ગમાં આવવાનું નથી.

# કલ્યાણની મૂર્તિ–સમ્યગ્દર્શન

卐

હે જીવો! જો તમે આત્મકલ્યાણને ચાહતા હો તો સ્વતઃશુદ્ધ અને સમસ્ત પ્રકારે પરિપૂર્ણ આત્મસ્વભાવની રુચિ, તેનું જ લક્ષ અને આશ્રય કરો. એ સિવાય બીજાું જે કાંઈ છે તે સર્વની રુચિ, લક્ષ અને આશ્રય છોડો. કેમ કે સુખ સ્વાધીન સ્વભાવમાં છે, પરદ્રવ્યો તમને સુખ કે દુઃખ કરવા સમર્થ નથી. તમે તમારા સ્વાધીન સ્વભાવનો આશ્રય છોડીને પોતાના દોષથી જ પરાશ્રયવડે અનાદિથી પોતાનું અકલ્યાણ કરી રહ્યા છો. માટે હવે સર્વ પર દ્રવ્યોનું લક્ષ અને આશ્રય છોડીને સ્વ દ્રવ્યનું જ્ઞાન, શ્રદ્ધાન તથા સ્થિરતા કરો. સ્વતત્ત્વમાં બે પડખાં છે–એક તો ત્રિકાળ શુદ્ધ સ્વતઃ પરિપૂર્ણ નિરપેક્ષસ્વભાવ, અને બીજાું વર્તમાન વર્તતી હાલત; પર્યાયના લક્ષે પૂર્ણતાની પ્રતીતરૂપ સમ્યગ્દર્શન નહિ પ્રગટે, પણ જે ત્રિકાળી સ્વભાવ છે તે સદા શુદ્ધ છે, પરિપૂર્ણ છે અને વર્તમાનમાં પણ તે પ્રકાશમાન છે તેથી તેના આશ્રયે પૂર્ણતાની પ્રતીતરૂપ સમ્યગ્દર્શન પ્રગટ થશે. એ સમ્યગ્દર્શન પોતે કલ્યાણસ્વરૂપ છે અને તે જ સર્વ કલ્યાણનું મૂળ છે. જ્ઞાનીઓ સમ્યગ્દર્શનને 'કલ્યાણની મૂર્તિ' કહે છે. માટે હે જીવો, તમે સર્વ પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો અભ્યાસ કરો.

# પ્રભુ તારી પ્રભુતા!

**એકવાર હા તો; પાડ!**

હે જીવ! હે પ્રભુ! તું કોણ છો, તેનો કદી વિચાર કર્યો છે? કયું તારું રહેઠાણ અને કયું તારું કાર્ય તેની તને ખબર છે? પ્રભુ! વિચાર તો ખરો કે તું ક્યાં છે અને આ બધું શું છે? તને કેમ શાંતિ નથી?

પ્રભુ! તું સિદ્ધ છો, સ્વતંત્ર છો, પરિપૂર્ણ છો, વીતરાગ છો. પણ તને તારા સ્વરૂપની ખબર નથી તેથી જ તને શાંતિ નથી. ભાઈ! ખરેખર તું ઘર ભૂલ્યો છો, ભૂલો પડયો છો, પારકા ઘરને તું તારું રહેઠાણ માની બેઠો; પણ બાપુ! એમ અશાંતિના અંત નહીં આવે!

ભગવાન! શાંતિ તો તારા સ્વઘરમાં જ ભરી છે. ભાઈ! એકવાર બધાયનું લક્ષ છોડીને તારા સ્વઘરમાં તો જો! તું પ્રભુ છો, તું સિદ્ધ છો, પ્રભુ! તું તારા સ્વઘરને જો, પરમાં ન જો. પરમાં લક્ષ કરી કરીને તો તું અનાદિથી ભ્રમણ કરી રહ્યો છો, હવે તારા અંતરસ્વરૂપ તરફ નજર તો કર! એકવાર તો અંદર જો! અંદર પરમ આનંદના અનંતા ખજાના ભર્યા છે, તેને સંભાળ તો ખરો! એકવાર ડોકિયું કર તો તને તારા સ્વભાવના કોઈ અપૂર્વ પરમ સહજ સુખનો અનુભવ થશે.

**અનંતા જ્ઞાનીઓ કહે છે કે 'તું પ્રભુ છો.'**

**પ્રભુ! તારા પ્રભુત્વની એકવાર હા તો પાડ!**

卐

# ગઢડાશહેરમાં જિનબિંબસ્થાપન

સોનગઢથી ત્રીસેક માઈલ દૂર આવેલું ગઢડાશહેર એ પૂ. ગુરુદેવના વડવાઓનું મૂળ ગામ છે, ગુરુદેવ પણ એ ગામમાં (મોસાળ) કેટલોક વખત રહ્યા હતા. અહીં કેટલાક મુમુક્ષુઓ વસે છે. તેમાં શ્રી જગજીવન ગોપાલજી કામદારના મકાનમાં ગૃહચૈત્યાલયનું નિર્માણ કરેલ છે. આ ચૈત્યાલયમાં જેઠ વદ છઠ્ઠના રોજ ભગવાનશ્રી મહાવીરપ્રભુની સ્થાપના ભાઈશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠના સુહસ્તે થઈ. આ પ્રસંગે સોનગઢથી સ્પેશ્યલ બસ તથા આસપાસના ગામોથી અનેક મુમુક્ષુઓ આવેલ હતા; આ શુભકાર્યના ઉલ્લાસમાં શેઠશ્રી ખીમચંદભાઈ તરફથી રૂા. ૨૫૦૧) ગઢડા મુમુક્ષુમંડળને અર્પણ કરવામાં આવ્યા હતા. ચૈત્યાલયમાં બિરાજમાન કરવા માટેના પ્રતિમાજી પૂ. ગુરુદેવના સ્વ. વડીલ બંધુ શ્રી ખુશાલભાઈ મોતીચંદ (હા. ગંગાબેન) તરફથી આપવામાં આવ્યા છે. ભગવાન પધાર્યા તે પ્રસંગ ગઢડા મુમુક્ષુમંડળે ઉલ્લાસથી ઉજવ્યો હતો. આ પ્રસંગે ગઢડા મુમુક્ષુ મંડળને મંગલ વધાઈ!

**સોનગઢમાં** અષ્ટાહ્નિકા દરમિયાન નંદીશ્વર પૂજનવિધાન થયું હતું. શ્રુતપંચમીપર્વ શ્રુતભક્તિપૂર્વક ઉજવાયું હતું. પ્રવચનમાં સવારે પરમાત્મપ્રકાશ અને બપોરે કળશટીકા વંચાય છે. ત્રણ ચિઠ્ઠિ ઉપરનાં પૂ. ગુરુદેવના ખાસ પ્રવચનો જે અધ્યાત્મસન્દેશ નામના પુસ્તકરૂપે છપાવાના છે, તે સંબંધમાં અનેક જિજ્ઞાસુઓ પૂછે છે; તે પુસ્તકનું લખાણ લગભગ ચાર મહિના પહેલાં તૈયાર કરી પૂ. ગુરુદેવ પાસે વંચાવી લીધેલ છે, પરંતુ પ્રેસમાં છપાવાની વ્યવસ્થામાં જરા વિલંબ થયેલ છે. પર્યુષણ લગભગમાં પુસ્તક તૈયાર થઈ જવાની આશા છે. ત્યાર પહેલાં જિજ્ઞાસુઓની માંગણીથી તેનો થોડોક નમૂનો આત્મધર્મમાં આપ્યો છે–જે સૌને ગમશે.

## મુમુક્ષુમંડળોને સૂચના

આથી સૂચિત કરવામાં આવે છે કે દસલક્ષણીપર્યુષણ દરયિમાન જે જે ગામના મુમુક્ષુમંડળને કે જૈનસમાજને વાંચનકાર ભાઈની આવશ્યકતા હોય તેમણે નીચેના સરનામે તુરત સૂચના મોકલવી જેથી તે સંબંધી યોગ્ય પ્રબંધ વખતસર કરી શકાય.

પ્રચાર કમિટી
**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ**

# આપણું સૌથી મહાન તીર્થધામ સમ્મેદશિખર



સં. ૨૦૧૩ માં પૂ. ગુરુદેવ બે હજાર ઉપરાંત યાત્રિકો સાથે પરમપૂજ્ય સિદ્ધિધામ સમ્મેદશિખરજીની અત્યંત ઉલ્લાસ-ભક્તિપૂર્વક તીર્થયાત્રા કરી, તેનું એક દ્રશ્ય. સમ્મેદશિખર પહાડ પર હજારો યાત્રિકોની હારમાળા ચાલી જાય છે. દિગંબર જૈનસમાજના લાખો યાત્રિકો દર વર્ષે પોતાના આ પરમ પૂજ્ય તીર્થની ભક્તિપૂર્વક યાત્રા કરે છે. હજારો વર્ષ પહેલાંના અનેક દિગંબર જૈનશાસ્ત્રોમાં અને પુરાણોમાં આ તીર્થના મહિમાનો ઉલ્લેખ છે. આ તીર્થના મહિમાનો સાક્ષાત્કાર કરવા માટે "મંગલ તીર્થયાત્રા" પુસ્તક વાંચો; ( સંપાદકઃ બ્ર. હરિલાલ જૈનઃ સોનગઢ )